॥ હરિઃૐ ॥
Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)
Year : 9 • Issue : 1 • 5th Jul.; 2026 • Price : Rs. 10

ગુરુપૂર્ણિમા ઉત્સવ તા. ૨૯-૦૭-૨૦૨૬, બુધવાર

સ્થળ : હરિઃૐ આશ્રમ, નડીઆદ

પૂજ્ય શ્રીમોટા દેહત્યાગ દિન - તા. ૨૩-૦૭-૨૦૨૬, ગુરુવાર

હરિઃૐ

હરિઃૐ



મારે સમાજને બેઠો કરવો છે.

સમાજ મારો ભગવાન (દેવતા) છે.

હું સર્વત્ર વિદ્યમાન છું.

આત્મીય સ્વજનશ્રી,............................................................................

પૂજ્ય શ્રીમોટાનો ભાદરવા વદ ચોથ ૧૨૯મો અવતરણ દિન છે. પૂજ્ય શ્રીમોટા તથા તેમની વિચારધારા અને પ્રવૃત્તિ સાથે સંકળાયેલાં સૌ સ્વજન ભાઈ-બહેનોનાં મિલન સમારોહના યજમાન બનવાનો અમોને રૂડો અવસર પ્રાપ્ત થયેલ છે. પૂજ્ય શ્રીમોટાના મૌલિક અને અનેરા એવા આ 'ઉત્સવ'માં આપ સૌને સપરિવારજનો-મિત્રમંડળ સહિત પધારવા અમારું હાર્દિક નિમંત્રણ છે.

## સ્નેહાધીન

શ્રી કનુભાઈ ઉમેદભાઈ પટેલ • શ્રી ધ્રુવલ દર્શનભાઈ પટેલ
શ્રીમતી જાગૃતિ દર્શનભાઈ પટેલ • શ્રીમતી પૂજા ધ્રુવલ પટેલ
(ભગત બીડી પરિવાર)

### મિલન સમારંભનું સ્થળ

શ્રી લેઉઆ પાટીદાર સમાજની વાડી, હરિહર સોસાયટી પાસે, કુમાર શાળા રોડ, નરોડા, અમદાવાદ-૩૮૨૩૩૦

## યજમાન નિવાસ સ્થાન

સી-૩/બી, ક્રિશ અતુલ્ય બંગ્લોઝ, મેંગો સિનેમા પાસે,
ફોરચ્યુન સર્કલ, નરોડા, અમદાવાદ
જાગૃતિબેન - ૯૯૨૫૨ ૮૦૦૫૭

## ઉત્સવ (મિલન સમારંભ) કાર્યક્રમ

### તા. ૦૪-૧૦-૨૦૨૬ ને રવિવાર

| | | |
|---|---|---|
| ૦૬-૩૦ થી ૦૭-૩૦ | : | ચા-કૉફી, અલ્પાહાર |
| ૦૭-૩૦ થી ૦૮-૩૦ | : | હરિઃૐ ધૂન (લવાછા મંડળ) |
| ૦૮-૩૦ થી ૦૯-૩૦ | : | નિત્યપ્રાર્થના, આરતી |
| ૦૯-૩૦ થી ૧૧-૦૦ | : | ભજનો (ભાવિક પટેલ અને સાથીવૃંદ) |
| ૧૧-૦૦ થી ૧૧-૩૦ | : | પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્બોધન |
| ૧૧-૩૦ થી ૧૨-૦૦ | : | આશ્રમનો અહેવાલ, આભાર વિધિ, ગુરુવંદના, મહાપ્રસાદ |

તા. ૦૩-૧૦-૨૦૨૬ ને શનિવારના રોજ સાંજે બહારગામથી આવનાર સ્વજનો માટે ઉતારાની વ્યવસ્થા રાખેલ છે. આવનાર સ્વજનની સંખ્યા તા. ૩૧-૦૯-૨૦૨૬ સુધીમાં નીચેના વોટ્સએપ નંબર પર અચૂક જાણ કરશો. જેથી સુચારુરૂપે યોગ્ય વ્યવસ્થા કરી શકાય.

મંગેશભાઈ પટેલ : ૯૮૨૫૦૮૩૦૮૦ • જગતભાઈ કોન્ટ્રાક્ટર : ૯૩૨૭૫૬૪૭૦૭

# અમારે તો ખરું સગપણ

(ગઝલ)

પ્રગટતાં ભાવ હૈયાનો હૃદયનું તત્ત્વ સમજાયે,
પ્રગટતાં ભાવ હૈયાનો હૃદયને આપ પ્રીછે છે.
હૃદયના ભાવ પર જે તે બધો આધાર સાચો છે,
હૃદયનો ભાવ કેળવવા બધું જે તે મળેલું છે.
હૃદયને તો હૃદય વિના બીજું કાંઈ ન ખપનું છે,
હૃદયની શી ખરી કિંમત હૃદય જાણે, હૃદય સમજે.
અમારે તો ખરું સગપણ કશા સાથે કશું જો હો,
હૃદય સાથે વરેલાં હો, જીવનમાં તે જ ખપનું તો.
'જીવન' 'જીવન' બકે લોકો 'જીવન' કોઈ નથી જીવતાં,
ખરું જીવવાનું પ્રીછે તે હૃદય જેઓ થયાં જીવતાં.
ચૂકવવા જ્યાં જતા કિંમત, અધૂરી ને અધૂરી શી,
હૃદયમાં લાગતાં સાચી લગન પ્રકટે જીવન કેરી.
"હૃદય પ્રગટે હૃદય પ્રગટે કઈ રીતે ?" સ્વજન પૂછે,
ગરજ પૂરી જીવન કેરી પ્રગટતાં તે હૃદય જાગે.
નજર સામે ગરજ રાખી કર્યાં કરજો મળે જે જે,
જીવન જો સ્હેજ ભૂલ્યાં તો બધી બાજી બગડશે તે.
બૂમો પાડું બૂમો પાડું સ્વજનને તો બૂમો પાડું,
હૃદય જાગેલ છે જેનું હૃદય તે સાંભળે તેનું.
અમોને કોઈ ગણકારે ન સાચી રીતથી પૂરું,
પડાવે છે વખા અમને અમારે ભૂખથી મરવું.
હૃદયનો ભાવ ખોરાક અમોને ના મળે પૂરતો,
નજીવો જે, છતાં પાછો ખરેખર, તે અજીઠો શો !
પૂરેપૂરી જીવન કેરી વિના ચૂકવ્યા ખરી કિંમત,
જીવન ના કોઈ મેળવતું હૃદય તે ધારજે લક્ષ.

*(જીવન પ્રવેશ, પ્ર. આ., પૃ. ૪૯-૫૦)*

WEBSITE : www.hariomashram.in E-MAIL : hariommota10@gmail.com

**ટ્રસ્ટીમંડળ**

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**૫મી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**

બદલાયેલ સરનામાની જાણ ગ્રાહક નંબર સાથે આશ્રમના વોટ્સએપ નંબર ઉપર અથવા હરિ:ૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને કરવી.

**હરિ:ૐ આશ્રમ, નડિયાદ**

**આશ્રમ : ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**પરેશભાઈ : (મો.) ૯૪૦૮૯ ૨૦૭૫૭**
**રાજેન્દ્રભાઈ : (મો.) ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**લવાજમ**

છૂટક નકલ : રૂ. ૧૦/- વાર્ષિક : રૂ. ૬૦/-
પાંચ વર્ષ : રૂ. ૨૫૦/- દસ વર્ષ : રૂ. ૪૦૦/-

**પ્રકાશન સ્થળ : હરિ:ૐ આશ્રમ, પો.બો. ૭૪, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧**

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ., સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | ભાવ-ભક્તિ | – શ્રી નંદુભાઈ શાહ | ૫ |
| ૨. | ‘યોગ્ય’ વિચારો, ધાર્યું પરિણામ લાવવા સક્ષમ ! | – પૂજ્ય શ્રીમોટા | ૯ |
| ૩. | સાધનામર્મ-૫ (ક્રમશઃ) | – ડૉ. રમેશ ભટ્ટ | ૧૨ |
| ૪. | પૂજ્ય શ્રીમોટાને મળેલ સંત પૂજ્ય શ્રી નારાયણ સ્વામી અને નારાયણ આશ્રમ | – રાજેન્દ્ર રાવલ | ૧૪ |
| ૫. | મૌન રૂમ અને બહેનો તથા મૌનરૂમની વિશિષ્ટ રચનાનો હેતુ | – શ્રી નંદુભાઈ શાહ | ૨૧ |
| ૬. | જીવન પ્રવેશ | – શ્રીમોટા | ૨૪ |
| ૭. | ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ | – | ૨૬ |


**હરિ:ૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.**

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT, IMPS, UPI મારફતે દાન/ભેટ મોકલી શકાય છે.

એકાઉન્ટનું નામ : **હરિ:ૐ આશ્રમ, નડિયાદ,** HARI OM ASHRAM, NADIAD
બેંકનું નામ : BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad
સેવિંગ્સ એકાઉન્ટ નંબર : 72850100008267
IFSC કોડ : BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.)

ઓનલાઈનથી દાન મોકલનાર **સ્વજને તેમનું પૂરું નામ, અટક, સરનામા (પીનકોડ સહિત)**ની જાણ નીચે દર્શાવેલ વ્હોટ્સએપ નંબર ઉપર **મોબાઈલ નંબર, પાનકાર્ડ** સાથે અચૂક કરવાથી જ ઈન્કમટેક્ષમાંથી કરમુક્તિને પાત્ર 10BE સર્ટી આપી શકાશે. અન્યથા કરમુક્તિ મળવાપાત્ર થશે નહિ. **(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.)**

**વ્હોટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

**ઉપરોક્ત પદ્ધતિથી ‘હરિ:ૐ ગુંજન’નું લવાજમ પણ મોકલી શકાશે.**

# ૧. ભાવ-ભક્તિ — શ્રી નંદુભાઈ શાહ

**ભાવ એ જ સર્વશ્રેષ્ઠ છે.**

★ **શુદ્ધ પ્રેમ તો આત્મ સ્વરૂપ - પ્રભુ સ્વરૂપ છે; એટલે એમાં ક્યાંય પક્ષાપક્ષી ન હોઈ શકે. ભક્ત નરસૈયાએ સાચું જ ગાયું છે કે, ''પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર''.** જ્યારે **માનવી પ્રભુનું કેવળ સ્વભાવે પ્રેમથી યંત્ર બની જાય, એવો માણસ જ સાચો પ્રેમ શું છે, તે સમજે છે, અને તેવો ભાવ ધારણ કરી શકે છે.**

★ ભાવ એ શક્તિનું મૂળ છે. એ જ જીવનનો **સાચો સાથી છે. ભાવ વિના કશું જ ન બને. ભાવ એ જ સર્વશ્રેષ્ઠ છે. ભાવ જો જાગેલો હશે તો આપણને કોઈ પરાજિત કરી શકનાર નથી.**

ભાવ વિનાનો સૂનો વહેવાર ચાલી રહ્યો છે. સૌ કોઈ પોતપોતાની સ્વાર્થપરંપરામાં રમત રમી રહેલું છે. એમ ઘરેડ બસ ચાલ્યા જ કરે છે. બધા જ બસ આંખ મીંચીને એ દોટમાં દોડ્યા જ કરે છે.

**સમર્પિત દિલનો ભાવ, જે સંસાર કદી સમજે**
ગયા હોમાઈ જે સર્વ, હૃદયનો ભાવ તે પ્રીછે ...૧
**હૃદયનો ભાવ મેળવવા, બધી રીતે પૂરા ભાવે**
**સમર્પણ પ્રેમમસ્તીથી, કરી દેવું પૂરું પડશે ...૨**
**સમર્પણ જ્યાં થતાં પૂર્ણ, હૃદયનો ભાવ કેવો છે,**
**ન પૂછવા તે જવું પડશે, અનુભવી બોલશે પોતે ...૩**
**જુદી જુદી ભૂમિકામાં, શું અવતરતાં હરિરસ તે !**
**જુદાં જુદાં રૂપો તે લે, શું સ્થળકાળ પ્રમાણેનાં ! ...૪**
**જીવનમાં એક રીતે ના, મળે છે જ્ઞાન સૌને તે,**
**વિવિધતા તેથી જીવનમાં, સહજ ને કુદરતી શી છે! ...૫**

★ **કૃપા કરીને જાગો ને કંઈક કરો, કંઈક મથો.** ગમે તેવું, ગમે તેટલું સહેવું પડે તો પણ તેમ સહીને **પણ બધાં ભેગાં થાઓ અને દિલમાં સાચો પ્રેમભાવ પ્રગટાવો. એક બીજા માટે ઊમળકાથી ત્યાગ કરવાનું કેળવો અને એકબીજાના દિલમાં એક થાઓ. એકબીજા માટે ઘસાઈ છૂટવાનું કરો.**

**તેન ત્યકતેન ભુંજીથા :**

★ **ગુણ-ભાવની ભૂમિકા વિના મેળવાયેલી લક્ષ્મી આપણામાં અસુરો પેદા કરે છે.** ગુણભાવની ભૂમિકા વિના મેળવાયેલી લક્ષ્મી-સંસ્કૃતિ કદી ગૌરવ નહિ આપી શકે, સંસ્કૃતિને જન્માવી નહિ શકે; સંસ્કૃતિનો નાશ કરશે. **લક્ષ્મીને અવગણવી નહિ. લક્ષ્મી એ શક્તિ છે; માતા છે. પણ જેના જીવનમાં ગુણ ને ભાવ પ્રગટેલા નથી, તેવાને મળેલી લક્ષ્મી એના જીવનનો કદી ઉત્કર્ષ કરી શકતી નથી.**

**જીવનની પ્રાપ્તિ કરવાને, જીવનને આપવું પડશે;**
**જીવનને આપશો જેવું, વધુ તેનાથીયે મળશે.**

★ **ત્યાગ અને પરમાર્થ જ્યાં ના હોય ત્યાં ધર્મ સંભવી ના શકે.** આજનાં યુવક-યવતીઓમાં જીવનને જરૂરી એવા ગુણ-ભાવ પ્રગટે તો જ સમાજ શુદ્ધ અને તેજસ્વી બને; ને ત્યારે જ સાચો ધર્મ પેદા થાય. **ઊછરતી પ્રજા સૌ પ્રથમ પરાક્રમી, શૌર્યવાન, ધૈર્યવાન, હિંમતવાન, સાહસિક, સદાચારી, સહનશીલ, દેશાભિમાની અને પરોપકારની ભાવનાવાળી થવી જોઈએ.**

**જીવન પરમાર્થનો યજ્ઞ, હરિ સંતોષવાનો છે,**
**અને કૈં રીતના યજ્ઞ, જીવને મંડાવાયો તે છે...૧**
**એકડે એક આ માત્ર, સાવ તે માત્ર મીડું છે,**
**મીંડાને સમજે જે કો', આ સમજશે હૃદે...૨**

**યજ્ઞકર્મ કર્યા વિણ, પ્રભુનો ભાગ ઝૂંટવી**
**ખાય છે તે ગણાય છે, ચોર નિશ્ચે તું જાણજે...૧**
**આપીને પ્રભુનો ભાગ, ખાય ને બાકી ભોગવે**
**યોગ્ય છે ભક્તિ એવી તે, પાપથી મુક્ત થાય છે...૨**

**નભે છે અન્નથી જીવો, વર્ષાથી અન્ન થાય છે,**
**યજ્ઞથી થાય છે વર્ષા, સૃષ્ટિનો કાયદો જ એ.**
**દયા ખાનાર જો કો' હો, સમર્થ એકલો હરિ છે**
**દયા ખાનારા તો બીજા, નકામા સર્વ ફોગટ છે...૧**

**સમગ્ર આ ગરીબ લોક, જીવનમાં જાગવાના છે**
**શું અંધાધૂંધી પ્રગટાવી, બધે અંધેર ફેલાશે !...૨**
**બધો વિવેક ને ન્યાય, ભૂંસાઈ ને ભૂલાશે તે**
**વળી શો ન્યાય-અન્યાય, કશું જોવા ન કો' રહેશે....૩**
**હરિ સેવા થવા અર્થે, જીવનનો યજ્ઞ માંડયો છે**
**જીવન-પરમાર્થનો યજ્ઞ, હરિ સંતોષવાનો છે...૪**
**ભરોસો જે પ્રભુ પર છે, પ્રભુ તેને જગાડે છે**
**જગાડીને મથાવે છે, કૃપા એવી હરિની છે...૫**

**શ્રદ્ધા અને નિષ્ઠા**

**સાધનામાં બે પગથિયાં છે - શ્રદ્ધા અને નિષ્ઠા.** એ ભાવો કંઈ કેળવ્યા કેળવાતા નથી. એ તો સ્વયંમેવ રહેલા છે ને પ્રત્યેકમાં છે. પણ એનું યોગ્ય પરિશીલન થતાં એના અંકુરો ફૂટેલા દેખાયા કરશે. એ તો સ્વયં પ્રકાશિત છે. જીવનમાં સાત્ત્વિક સંઘર્ષણ ઊભું થાય છે ત્યારે હૃદયમંથન થાય છે. એવા મંથનમાંથી નવનીત લઈ લેવાનો ક્રમ જાણવો અનિવાર્ય છે; ને એ મથનારને આપોઆપ સૂઝે છે જ. એની રીત બતાવ્યે કે સમજાવ્યે સમજી શકાય તેવી નથી. એ તો આપોઆપ ઊગે જ છે.

★ **ભાવને કોઈ ભાષા ના, ભાવને કોઈ વાણી ના,**
**વિચાર ભાવમાં કૈં ના, ભાવને વર્ણવાય ના ...૧**
**એનો પ્રત્યક્ષ પુરાવો, રોમ રોમ પ્રસન્નતા**
**અખંડાકાર શો ભાવ ! જીવ વૃત્તિ ન કયાંય ત્યાં...૨**
**બંધાયા વિણ એવો, ઊંડો સંબંધ દિલનો**
**કોઈ ના દોડી આવે છે, દેવા મદદ તુર્ત તો...૩**
**કર્મ ને ભાવ સાથેનો, સંબંધ જીવતો થતાં**
**થતાં સુમેળ બંનેનો, કર્મ શું બદલાય ત્યાં ! ...૪**
**કર્મ તે કર્મ ના માત્ર, હરિની પૂજા શી તે !**
**પુષ્પ સમર્પવા કર્મ, મળેલું શ્રી હરિ પદે...૫**
**કર્મમાં ભાવ હોવાથી, મહત્ત્વ એનું ઓર છે,**
**કર્મ ત્યારે ન તે કર્મ, કર્મ ઈશ્વરી અંશ છે...૬**
**સ્મરણભાવ મહોરીને, ઊંડે અવતરે હૃદે,**
**ત્યારે ભક્તિ તણી કેવી, જામે ફોરમ જીવને !**
**જેવી જેવી ભૂમિકા, તેવું ત્યાં પરિણામ છે,**
**ભક્તને તેવી દષ્ટિનો, નિજાનંદ અપાર છે.**

**શ્રી ભગવાનના નામસ્મરણથી એની ભક્તિમાં મન પરોવ્યા કરવાનું કરે; જે કંઈ થયા કરે તે - એ વહાલાને કાજે જે, ને એને જે કંઈ થતું હોય તે પ્રેમભક્તિભાવે સમર્પણ થયા કરે, તો એના જેવો બીજો કોઈ ઉત્તમ આશ્રમ ન હોઈ શકે. મારે ઘરેડ પ્રમાણેનો આશ્રમ જોઈતો નથી. જ્યાંથી શ્રી ભગવાનની ચેતનાશક્તિ, પ્રેમભાવના, જેમ વીજળીના મૂળ કારખાનામાંથી જ્યાં ત્યાં બધે વીજળી પ્રસારાતી હોય છે, તેમ તેનું આપોઆપ પ્રસરવાનું બને ને એવું પ્રત્યક્ષ અનુભવમાં આવ્યા કરે, એવી જે અંતરમાં સહજ ભાવના પ્રગટે ત્યારે તેમ કરવું યોગ્ય છે. એની પ્રેરણા હજી એવી મળી શકી નથી. જેટલા પ્રભુપ્રસાદીરૂપે મળેલા છે, એવાનું જીવન ભગવદીય થતું અનુભવી શકાય, ત્યારે જ આશ્રમ તો એની કૃપાથી શોભે.**

આ જીવને ખાલી ખાલી પૂજાવું નથી. તેમાં તો જીવનનું મૃત્યુ છે. મારે તો તમારાં બધામાંનું સર્વ કંઈ લેવું-ખાવું છે. **શ્રી પ્રભુકૃપાથી આ જીવનો વૈશ્વાનરપ્રભુ જે તે પચાવવાને તત્પર છે, પણ તે માને કોણ ? ને સમજે કોણ ?**

**બધે જે તે સ્થળે મારો વહાલો ગર્જે છે, હસે છે, રમે છે, નાચે છે, કૂદે છે અને લીલા કર્યા કરતો હોય છે.** એના પ્રેમના ભાવને લોક ફંદ માને છે. પણ પોતે જાતે જ જ્યાં ફંદમાં પડેલા હોય છે, એ તો કોઈ જોઈ શકતું નથી. ત્યાં એવા પ્રકારના જે લોક પ્રભુના દિવ્ય ભાવ ને રમ્ય પ્રેમને કેમ કરીને ઓળખી - પ્રીછી શકે ?

**પ્રશ્ન :** મોટા, અર્જુન અભિમાની હતો, યુધિષ્ઠિર ઓછા લાયક નહોતા; છતાં શ્રી કૃષ્ણે અર્જુનને કેમ દિવ્ય દર્શન કરાવ્યું ?

**શ્રીમોટા :** સખાભાવે (જિજ્ઞાસુ) અર્જુન શ્રીકૃષ્ણ ઉપર ઘણો પ્રેમ રાખતો હતો. તેનું અભિમાન તેમણે ગીતા સંભળાવીને તોડયું હતું.

**પ્રશ્ન :** મોટા, આપણી હિન્દુ સંસ્કૃતિ આટઆટલી ઊથલપાથલ છતાં ટકી રહી છે. તેનું શું કારણ હશે ?

**શ્રીમોટા :** આપણી સંસ્કૃતિ ટકી રહી છે, તેનું કારણ આપણી સંતપરંપરા છે. કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી છેક બંગાળ સુધી સંતોની પરંપરા પ્રગટેલી છે. સમર્થ રામદાસ સ્વામીએ છત્રપતિ શિવાજીને ચેતનવંત ગૌરવ અર્પણ કર્યું, ધર્મના સંસ્કાર રેડ્યા, તે અનોખા પ્રકારના હતા. અને તેના પ્રતાપે શિવાજી મહારાજે જે બધું કર્યું, તે મોટો ચમત્કાર હતો. **જે શક્તિ સમગ્ર સમાજના હાર્દને સ્પર્શે છે, તે સાચી શક્તિ અને સાચો ચમત્કાર.**

**પ્રશ્ન :** મોટા, શિરડીવાળા સાંઈબાબાએ આપને કંઈ સ્થૂળ ચીજવસ્તુ રાજી થઈને આપેલી ખરી ?

**શ્રીમોટા :** હાસ્તો. સૂકા-લીલા મેવાના કરંડિયા આપેલા, તે વાત 'જીવનદર્શન'માં આવી જાય છે. તેમણે મને એક રૂપિયો પણ આપેલો, તે મેં મારી બાને આપ્યો. પણ તે ખોઈ નાંખ્યો.
અક્કરમીના પડિયા કાણા !

**★ જીવનમાં સર્વ કર્તવ્યો, ગમ્યાં તે તે કરેલાં છે,**
**જીવનમાં સર્વ વ્યવહારો, ગમ્યા તે તે કરેલા છે. ...૧**
**કથાઓ સંભળાવી છે, પ્રવચનો કૈંક કીધાં છે.**
**બધા શાસ્ત્રો ઊકેલીને, જગતને બોધ દીધો છે. ...૨**
**પરંતુ જો જગતનાં સૌ, કૂંડાળાથી ન છૂટેલ છે,**
**ધૂરંધૂર છો ગણાતા હો, છતાં સૌ એનું બાકી છે ...૩**
**ભલે ચોસઠ કળા જાણી, છતાં જીવનતણી સાચી**
**કળા જો જાણી ના તો તે, બધું એનું જ બાકી છે ...૪**

### શ્રદ્ધા

**શ્રદ્ધાના ત્રણ પ્રકાર છે. આપણામાં જે સમજણ વધવા માંડે છે, તેને શ્રદ્ધા પકડી રાખે છે. વળી તે સમજણને અનુભવમાં લઈ જવાને ચેતનરૂપી બળ પણ શ્રદ્ધા પ્રેરે છે. કેટલાક માત્ર જડતાથી તે એમાં ને એમાં સાચવી રાખે છે, કેટલાકને તે તેજસ્વી બનાવે છે, ને કેટલાકને તે વિચાર કરતા કરી મૂકી વધારે સાત્ત્વિક બનાવે છે. આ ત્રણે પ્રકારથી આપણે આપણું પોતાપણું તદ્દન અળગું કરી નાંખીશું, તો જ તે પોતાનું સાચું યોગ્ય કામ કરી શકશે. જેટલા પ્રમાણમાં એમ ન થાય તેટલા પ્રમાણમાં શ્રદ્ધા કાં તો કામ કરતી અટકી જશે, કાં તો તેથી આગળ વધીને અશ્રદ્ધા પણ ઉત્પન્ન કરે, એવો સંભવ થાય છે. વાપરતાં આવડે તો કામ આપે, નહિ તો નુકસાન કરે, એ જેમ કોઈ પણ શાસ્ત્ર માટે સાચું છે, તેમ શ્રદ્ધા માટે છે. શ્રદ્ધા એ આત્માનો રંગ છે, એટલે એ આપોઆપ સ્ફૂરે તે ઉત્તમ, અનુભવ અને વિચાર વડે કરીને સ્થાયી સ્વરૂપ લે તે મધ્યમ; ને માત્ર જડતાએ કરીને આપણને જકડી રાખે તે કનિષ્ઠ.**

### શ્રદ્ધાની સ્તુતિ

**શ્રદ્ધા એ પુરૂષાર્થનું બખ્તર છે, બચવા માટે મોટામાં મોટી ઢાલ છે. એ રક્ષણ થવા માટેનું જ નહિ, પણ રક્ષણ કરવા માટેનું પણ શસ્ત્ર છે. જીવનમાં ચાલી રહેલા યુદ્ધમાં આપણે જો પળેપળનો દક્ષતાપૂર્વક ઉપયોગ નહિ કરીએ તો સંગ્રામમાં જીત મળતાં આપણને વાર લાગશે. આત્માએ આત્માને ઓળખવો હોય તો શ્રદ્ધા એક એનું મોટામાં મોટું સાધન છે. શ્રદ્ધા માણસને શ્વાસની ગરજ સારે છે. ચીલેથી ખોટકાઈ પડેલા ગાડાને એ નોંધારાના આધાર જેવી છે. પુરૂષાર્થીના પ્રયત્નદીપનું તે તેલ છે; તપ્ત હૃદયનું ને હાલકડોલક મનનું તે શીતળ વિશ્રામસ્થાન છે; ચાલતાં શીખતા બાળકની તે ચાલણગાડી છે, બાળકને જીવન પાનાર માતાનું તે દૂધ છે, આંધળાની એકની એક સાથી જેવી તે લાકડી છે; ભૂલ્યા આથડનારાઓનો ધ્રુવ તારો છે.** એના વડે તે પોતાના માર્ગનું નિશાન સાચવી શકે છે ને આગળ વધે છે. **ગમે તેવા સંજોગોમાં જે શ્રદ્ધાને કદી પણ છોડતો નથી, તેના પર તે ન્યોછાવર થઈને પોતાના વરદ હસ્તે તે સર્વ કંઈ આપે છે. એના ચરણમાં જે પોતાના સર્વસ્વનું બલિદાન દે છે,**

તેને યજ્ઞ પૂરો થતાં પોતે જાતે દર્શન આપે છે.

★ સંપૂર્ણ શ્રદ્ધા થતાં શરણભાવ આવી જ જાય છે; અને શરણભાવ ન જામે ત્યાં સુધી શ્રદ્ધા પણ પૂરી જામતી નથી. વિશ્વાસ એ શ્રદ્ધાનું એક અંગ છે, એમ કહીએ તો ખોટું નથી. એકલી શ્રદ્ધાની ભાવના સંપૂર્ણપણે આપણે જો કેળવીને ખીલવી શકીએ તો સાધકના સર્વ ગુણો એમાં આપોઆપ કેળવાઈ જાય છે. એટલે જ સંત-મહાત્માઓએ સાધકને વાટખર્ચીમાં શ્રદ્ધાનું ભાથું આપેલું છે. આ શ્રદ્ધાધનની અમૂલ્યતાને લીધે જ તમને એકવાર કોઈ કવિનું લખાણ જે છે તે લખેલું કે – 'શ્રદ્ધા કેરી પણ ન વાટખર્ચી ખૂટજો, વાટમાં વાટરી' બીજું બધું થજો પણ હે ભગવાન! અમારા પરમ પાથેયની વાટખર્ચીની શ્રદ્ધા કદી ના ખૂટવા દેશો.

શ્રદ્ધા અંતરને અજવાળું આપે છે, સમજણની આંખ દે છે; અનુભવનું હૃદય ખોલે છે; અને અપ્રત્યક્ષને પ્રત્યક્ષ કરે છે. શ્રદ્ધાથી નબળો બળવાન બને છે. શ્રદ્ધારૂપી એક મહાન આશીર્વાદ ઈશ્વરે માણસ ઉપર વરસાવેલો છે. ભગવાને જો શ્રદ્ધાની ગુણ-ભાવના માણસમાં મૂકી ના હોત તો જગતનો વહેવાર ચાલત કે કેમ તે સમજવું મુશ્કેલ છે. શ્રદ્ધાથી અનેક ચમત્કારો થાય છે ને થયા છે. અનેક તકો અને સવલતો આપણને જીવનમાં મળતી હોય છે, પણ તે શ્રદ્ધા વિના સરકી જતી હોય છે. શ્રદ્ધા જ એક એવી ભાવના છે કે જે આપણને નવી દૃષ્ટિ નવી સમજણ આપે છે. એકના એક જ પ્રસંગને શ્રદ્ધાવાળો માણસ અમુક રીતે જોશે ને શ્રધ્ધા વિનાનો બીજી રીતે જોશે.

શ્રદ્ધાવાળા થવા માટે આપણે આપણાં મતમતાંતરો, આપણી ગણતરીઓ, આપણાં માપો, સમજણનાં ધોરણો ને આપણા આગ્રહો એ બધાથી પર રહેવા અથવા તટસ્થ રહેવા મથ્યા કરવું જોઈએ; તો જ સાચી શ્રદ્ધા કેળવાશે. શ્રદ્ધાથી જે કરવાનું હોય છે તે જ આપોઆપ સ્ફૂરે છે; જે સમજવાનું હોય છે તે સમજાય છે; જે જોવાનું હોય છે તે આપોઆપ ઊતરે છે. ત્યાં કશું વિચારવાનું રહેતું નથી. શ્રદ્ધાને હુકમ મળતાં તે પ્રમાણે કરવાનું મન થાય; તે કરવાને માટે દિલમાં ખૂબ ખૂબ ઊમળકો આવે; તે થાય ત્યારે જ જંપાય, એટલું અંદર ચેતન સ્ફૂર્યા કરે ને પોતાનું કાર્ય કરાવીને જ તે ભાથામાં પાછી ફરીને બેસે, એવી કાર્યસાધક શ્રધ્ધા જ સાચી શ્રધ્ધા છે.

જેમ જેમ શ્રધ્ધાનો અંશ વધતો જશે, તેમ તેમ તે આપણને સાધનામાં રસ ઊપજાવતી જશે; આપણને તેમાં તલ્લીન બનાવતી જશે; ને તેથી નવું નવું અનુભવાવતી જશે. વળી આપણું વિકાસનું કૂંડાળું મોટું ને મોટું થતું જશે. આપણા સમજણનાં ધોરણો પણ બદલાતાં જશે; દરેક કાર્યના અને દરેક પ્રસંગના હેતુનાં દર્શન તે કરાવશે. પ્રત્યેક પ્રસંગમાંથી, કાર્યમાંથી, દૃશ્યમાંથી, વાતચીતમાંથી, અથડામણમાંથી ને પરિસ્થિતિમાંથી આપણને કંઈ ને કંઈ નવું જાણવાનું શ્રધ્ધાથી મળ્યા કરશે. શ્રધ્ધા પ્રેરણાને પાંખ દે છે ને એ પાંખોમાં ચેતનનું જોમ ભરે છે. આમ, તે આપણને આકાશ ગંગામાં એટલે કે ચેતનાના ભાવમાં સતત નવડાવે છે. શ્રદ્ધા બંધ કરેલાં બારણાંને ધક્કો મારીને ખૂલ્લાં કરે છે; ન સમજાતા સૂરને રાગમાં બેસાડે છે; મૂંગાને વાચા આપે છે ને લૂલાને પગવાળો કરે છે. શ્રદ્ધા એ શાસ્ત્રોનો પ્રાણ છે; સર્વ અનુભવો-નો નીચોડ છે ને મધ્યબિંદુ છે. મધ્યબિંદુ ન હોય તો વર્તુળ થઈ પણ કેવી રીતે શકે ? હૃદયનું મધ્યબિંદુ શ્રદ્ધા છે. એમ તો માનવી માત્રનું (સાધક નથી હોતો તેનું પણ) પ્રત્યેક કર્તવ્ય શ્રદ્ધાથી જ થતું હોય છે; માત્ર સૌને એની ખબર નથી હોતી.

**श्रद्धामयोऽयं पुरुषः । यो यच्छ्रद्धः स इव सः ॥**

આ પુરુષ-આત્મા શ્રદ્ધામય છે; જેવી જેની શ્રદ્ધા તેવો તે હોય છે. એટલે આપણે શ્રદ્ધાને વધારે ને વધારે વિકાસશીલ કરવાની છે. શ્રદ્ધા તો હંમેશાં જીવંત હોય છે, પરંતુ એનો જ્ઞાનભક્તિયુક્ત ઉપયોગ

**કર્યા કરીશું, તેમ તે વધારે તેજસ્વી ને ઉપયોગી નીવડવાની છે. શ્રદ્ધાના બળે અનુભવ વધે છે અને પછી શ્રદ્ધા સ્વ માં ભળી જાય છે.** જેમ એક નાનકડી સૂક્ષ્મ ચિનગારી આખા જંગલને દવ લગાડી દે છે ને પોતે મહા અનલ બની જાય છે તેમ **શ્રદ્ધા કલ્યાણકારી માતા છે. એને પાટુ મારનાર તો કોઈ અભાગી જ હોય ! એની સેવા જ પરમ ભાવે ને પરમ પ્રેમે ઉમળકાથી વારેવારે આપણાથી થવી ઘટે. એને ખોળે જેણે માથું મૂક્યું તે સર્વભાવે નિશ્ચિંત છે; તેનું સર્વ પ્રકારે કલ્યાણ જ થાય છે. તેને કશું ખોવાપણું રહેતું નથી. તે તો મેળવ્યા જ કરે છે ને પોતે મેળવીને બીજાને આપ્યા કરે છે. ને ખરી ખૂબી તો એ છે કે એ આપતો હોય છે, એવું જ્ઞાન ને ભાન પણ એને થાય છે, ત્યારે જ સાચી શ્રદ્ધાનો પૂર્ણ ઉદય થયો છે, એમ આપણે સમજવું.**

શ્રધ્ધાનું એ છેલ્લામાં છેલ્લું માપ છે. **કલ્યાણકારીણી, પતિતપાવની ગંગામાતા જેવી શ્રધ્ધા આપણા હૃદયમાં ભગવાન સતત વરસાવો; એનું આપણને સતત જાગ્રત ભાન કરાવો !**

આવું શ્રધ્ધાબળ શરૂઆતમાં નથી હોતું. શરૂઆતમાં તો સાધકની શ્રધ્ધા હવાના પાતળા પડ જેવી હોય છે. તે જેમ જેમ જામતી જાય છે, તેમ તેમ સઘન બનતી જાય છે; ને ત્યારે નિષ્ઠાનું સ્વરૂપ લે છે. **નિષ્ઠાની સ્થિતિ એટલે પાકટ થયેલી શ્રધ્ધા વડે કરીને આપણી ભાવના મૂર્તસ્વરૂપને પકડે છે તે સ્થિતિ. શ્રધ્ધાથી જડમાં ચેતન પ્રગટે છે. ચેતનમાંથી ચેતના આવીને એમાંથી રસનિષ્પત્તિ થાય છે. રસમાંથી પ્રેમભાવ અને પ્રેમભાવમાંથી ભાવમાં લય પામવાનું બને છે; અથવા તો ભગવાનનું યંત્ર થવાય છે.** એક નાનીશી ક્રિયા ચાલુ રાખવાથી કેટલું મહાન પરિણામ નીપજી શકે છે ! એનાં અનેક દૃષ્ટાંતો જગતના વ્યવહારમાંથી પણ આપણને આંખ ઉઘાડી રાખી જોતાં મળી આવશે.

*(અધ્યાત્મની અટારીએથી, બીજી, પૃ. ૭૦-૮૧)*

## ૨. 'યોગ્ય' વિચારો, ધાર્યું પરિણામ લાવવા સક્ષમ ! – પૂજ્ય શ્રીમોટા

**યોગ્ય વિચારોમાં એટલી સર્જક-શક્તિ છે કે તે ધાર્યું પરિણામ લાવવા માટે અનુકૂળ પરિસ્થિતિ ઉપજાવી શકે છે.** આપણા જીવનને કલ્યાણકારી માર્ગે લઈ જાય એવાં પ્રવાહો ને બળો, આપણી અંદર અને બહાર ઉપજાવે છે; તેથી, શક્ય તેટલી નમ્રતા સાથે, જ્યાં જ્યાં કંઈ શુભ હોય, સારું હોય, તેની યોગ્ય કદર કરવાની અને જ્યાં અનિષ્ટ હોય તેની સાથે યુદ્ધ કરીને તેનો પરાજય કરવાની પ્રેમાર્દ્ર માનસિક દૃઢતા આપણે કેળવવી જોઈએ. અન્યમાંના સદ્અંશને શોધી કાઢવાનો અને તેનું પૂરું મૂલ્યાંકન કરવાનો પ્રામાણિક પ્રયાસ, આપણામાં જ તે તે ગુણોના વિકાસને ત્વરિત અને બળવાન ગતિ આપે છે.

*(૪ જીવનસંદેશ, ૧૭૯)*

**વિચારોમાં એવું પ્રાબલ્ય હોય છે કે તે જીવનમાં, આચારમાં ઘણો ફેરફાર કરી મૂકે છે.** વિચારોમાં રહેલી આવી શક્તિનું એક કારણ તેમાં ભળેલી ભાવનાની શક્તિ છે.

*(૨ જીવનપ્રેરણા, ૧૪)*

### જેવા વિચાર તેવું વાતાવરણ ઘડાય

સંસારમાં, જગતના ઈતિહાસમાં, ને વ્યક્તિગત જીવનમાં જે જે વિચારો સક્રિય અને સાકાર બન્યા છે, તેમની પાછળ કોઈ વ્યક્તિ કે વ્યક્તિઓનું તપ હોય છે. એ જ એને સક્રિય બનાવે છે. એને પ્રાણ, ચેતના, ગતિ પણ એ જ – એનું તપ જ, આપ્યા કરે છે. **માણસ જેવા વિચારોનું સેવન કરતો હોય, તેવા વિચારોનાં આંદોલનો સ્વાભાવિક રીતે જ, એની આજુબાજુના વાતાવરણમાં પ્રસરતા જાય છે.**

જિજ્ઞાસાપૂર્વક ને શ્રદ્ધા વિશ્વાસથી તેવાના સમાગમમાં આવવાથી, સામા માણસોમાં અનુકૂળ વિચારો વધારે દૃઢ, ને પ્રતિકૂળ વિચારો મોળા પડતા જાય છે. જે પુરુષો કોઈ મહાન આદર્શની પ્રત્યક્ષ મૂર્તિ સમા હોય છે, તેમની સોબતથી આજુબાજુના માણસોમાં આશ્ચર્યકારક માનસિક પરિવર્તનો ઘણા ટૂંકા સમયમાં થઈ ગયાનાં ઉદાહરણ મળી આવે તેમ છે. એ પ્રભાવ પણ ઉપર જણાવેલી તેવાઓની તપશક્તિનો છે. **વળી, વધારે આશ્ચર્ય પમાડે એવી હકીકત તો એ છે કે, એવી વિશેષ-વ્યક્તિઓ મૌન વડે પોતાના આદર્શોનો કે વિચારોનો સચોટ પ્રચાર કરી શકે છે.** *(૩ જીવનપગથી, ૧૧)*

**આપણા વિચારો જ આપણને ઘડે છે !**

આપણે પોતાનામાં એ વૃત્તિનાં બીજ વાવીએ છીએ. વળી સામાનામાં પણ આપણે તેવી ભાવના ફેંકીએ છીએ ને તેનામાં તે રૂપે પ્રગટીએ છીએ. એવું જેમ, આપણા રોજનાં વ્યવહાર વિશે છે, તેવું જ, સૂક્ષ્મ વિચારો વિશે પણ છે. **આપણા વિચારો, વ્યવહાર ને બીજા બધાં કર્મો જો આપણે સમર્પણ ભાવે કરીએ, શરણભાવ કેળવ્યાં કરીને કરીએ, તો એમાંથી આપણો બધો જીવભાવ નીકળી જવાનો છે. આપણું અહંપણું કશું રહેવાનું નથી. આપણા વિચારો ને કામોની અસર આપણા ઉપર ભારે હોય છે. વિચારો ના થાય એ ઉત્તમ છે.** પણ કોઈ **તામસ કે જડતાભરી પ્રકૃતિવાળાને વિચાર નહિ થાય, તો તે, સારું નથી. જેનામાં રજસ પ્રકૃતિ છે. તેનામાં તો વિચારો થવાના જ. સત્ત્વગુણપ્રધાન પ્રકૃતિવાળાને વિચારમાં સ્થિરપણું હશે.** એનામાં ડોલન નહિ હોય. યદ્વાતદ્વાપણું ન હોય. **આપણા વિચારો આપણને ઘડે છે. એટલે અંતર્મુખી, એકલીનતાયુક્ત વિચારો રહે તે જરૂરનું છે.** વિચારોની સાંકળ આપણે કદી ન જોડ્યા કરવી; એ અભ્યાસ આપણે રાખ્યા જ કરવો. *(૩ જીવનપગથી, ૧૮૭)*

**જેવી ભૂમિકાના વિચારો, તેવા આંદોલનોનો સ્પર્શ થાય.**

**એકનો એક જ વિચાર હોય તો જ, અને ધ્યેય પરત્વે વિચાર હોય તો જ અંદરથી સ્પષ્ટતા આવે, બાકી આવે નહિ. અનેક વિચારો જેને આવ્યા કરતાં હોય, એને કોઈ દિવસ સ્પષ્ટતા આવશે નહિ. એને એકાગ્રતા થાય નહિ.**

ખરેખર તો જેના મનાદિકરણ ભગવાનની ભક્તિમાં પરોવાયેલાં છે, એને બહારનું વાતાવરણ સ્પર્શતું નથી. કારણ કે એ ઇન્કાર કરી શકે છે, પરંતુ જે સામાન્ય માણસ હોય, સામાન્ય જીવ હોય એને પોતાના ચિત્તમાં પડેલા સંસ્કારો છે અને એ બાહ્ય વાતાવરણમાં અનેક પ્રકારનાં-અનેક જીવોની, એમાં વૃત્તિઓ હોય, વિચારોનાં મોજાંઓ હોય તે મોજાંઓ પ્રત્યેક જીવને સ્પર્શે છે. **જેને જેવા પ્રકારની ભૂમિકા હોય, તેને તેવા પ્રકારની ભૂમિકાના વિચારો ને વૃત્તિઓના આંદોલનો સ્પર્શી જાય છે.** દા.ત., એક માણસ છે. તેને એક વખતે દિવસનાં ઘણા પ્રકારના મુડ્ઝ થયા કરે છે. તેની વૃત્તિઓ, તેમને વિષે જાગ્યા કરે, ત્યારે તે વખતે જે પરિસ્થિતિ જાગી હોય, એમાં પોતાનામાં એ પ્રકારના, વાતાવરણનાં વિચારોનાં, વૃત્તિઓનાં આંદોલનો છે, એ આંદોલનો એને સ્પર્શે છે તે વખતે, એ, જે, વલણ જેવા પ્રકારનું થયું હોય, પોતાની અંદર-તેને તે પહેલાં સ્પર્શે છે, કારણ કે તે ઇન્કાર કરી શકે તેવી સ્થિતિમાં નથી. એ સમજી નથી શકતો કે, આ આંદોલનો બહારથી આવે છે. આ બહારથી આવ્યા, ને, સ્પર્શવા આવ્યા એવું આકલન કરવાની એની પાસે શક્તિ છે નહિ. એટલે, એ સામાન્ય જીવ સમજી શકતાં નથી. પણ જે આંતરિક ટેન્ડન્સી-વૃત્તિઓ બધી અંતરમાંથી જાગે છે— તેના ચિત્તના સંસ્કારોમાંથી, તે જ પ્રમાણે બહાર છે. એટલે બહાર છે તે અનેક પ્રકારના જીવો છે, તે જીવોની વૃત્તિ,

વિચારો વગેરે બધું હોય છે. કારણ કે આ વાતાવરણની અંદર જે ફેંકાયેલા વિચારો, વૃત્તિઓ છે તેનું જોશ-જોર અમુક માપના એરિયા (વિસ્તાર) સુધી જ રહી શકે છે. **વિચારો, વૃત્તિઓ એ બધા વાતાવરણમાં રહે ખરા. પણ દૂર દૂર સુધી નહિ જઈ શકે.** ગામડામાં કે શહેરમાં હોઈએ એના કરતાં વિચાર અને વૃત્તિઓનું જોર આપણે અહીં (ફાજલપુર શ્રી રમણભાઈ અમીનનું ફાર્મ હાઉસ) જ છીએ ત્યાં વિચાર અને વૃત્તિઓનું જોર ઘણું ઓછું છે.

*(૧ અન્વય-સમન્વય, ૫૪-૫૫)*

### પોઝિટિવ વિચારો તેવા આંદોલનોને ખેંચે

આ વાતાવરણમાં આપણને મદદ કરી શકે એવા પણ વિચારો ને વૃત્તિઓના વલણો છે. એટલે ત્યાં પોઝિટિવ અને નેગેટિવ બેઉ તત્ત્વ છે. તે આપણે એમ કહીએ કે, ''હે ભગવાન, તું ઉપાય મને બતાવજે.'' એ જાતના વલણમાં હોઈએ. એકાગ્રતાવાળા, પ્રાર્થનાના ભાવ સાથેના આપણે હોઈએ ત્યારે બહારના વાતાવરણમાં એનાં આંદોલનો છે તે આપણને સ્પર્શે છે એટલે આપણી બુદ્ધિને ઉપાય સૂઝી જાય છે. (૧ અન્વય-સમન્વય, ૫૫)

### હજાર મણ વિચાર પણ રૂપિયાભાર પણ વર્તન નહિ ! કેમ ?

**''વિચારો તો ઘણી વાર બહુ સરસ હોય છે. પણ વર્તનમાં બાકી ધાર્યા જેટલી સરળતાથી ઊતરી શકતા નથી.''** મહાન આત્માઓમાં વર્તન પહેલું હોય છે. વિચાર પછી હોય છે. જ્યારે, આપણામાં તો તેનાથી ઊલટું હોય છે. હજાર મણ વિચાર હોય તો રૂપિયાભાર વર્તન કેમ નથી હોતું ? **સદ્‌વિચાર હોય પણ એ સદ્‌વિચારને અમલમાં મૂકવાનું આંતરિક પ્રેરણાત્મક બળ હોવું ઘટે.** તે બળ આપણે ક્યાં મેળવ્યું છે ? એવું, **આંતરિક પ્રેરણાત્મક બળ, પ્રખર સાધના કર્યા વિના અથવા તો પ્રેમલક્ષણાભક્તિ હૃદયમાં પ્રગટ્યા વિના અથવા તો આપણા ધ્યેય પરત્વેની જીવતી જાગતી, ધગધગતી તમન્ના, પ્રગટ્યા વિના મળી શકતું નથી;** અથવા તો જે આત્મા પાસેથી આપણે જ્ઞાન મેળવવું છે, તેની જીવતી મનનાત્મક, ચિંતનાત્મક ભાવનાની શીલાત્મક સોબત, પળેપળ આપણાં મનમાં રહેતી હોય, જીવતી-જાગતી રહેતી હોય, તો આપણને જે સદ્‌વિચારો ધ્યેય પરત્વેના જાગે, તેનો અમલ, વર્તનમાં મૂકી શકાય. *(૩ જીવનમંડાણ, ૮૯)*

### વિચાર, ભાવના, વર્તનનો સુમેળ જરૂરી

**વિચારથી પ્રકટેલી સમજણ જુદી છે. ભાવનાથી પ્રકટેલી સમજણ જુદી છે ને વર્તનમાં મુકાયેલી સમજણ જુદી છે.** સમજણ સમજણના પ્રકાર જુદા જુદા છે. વિચાર, ભાવના અને વર્તન - એ ત્રણેનો સુમેળ આપણે કરવાનો છે. **વિચાર કંઈક હોય, ભાવના કંઈક હોય અને વર્તન કંઈક હોય એવું બેહૂદું અને કઢંગુ જીવન લોક તો જીવી રહ્યા છે. આપણે એવું જીવવું નથી. આપણે તો પ્રભુકૃપાથી લોકોત્તર થવાનું છે. આપણે તો જીવનમાં પ્રેમજ્ઞાન ભક્તિની નક્કરતા પ્રકટાવવી છે.**

*(૩ જીવનમંડાણ, ૯૯)*

### મહાવિચારોના વેગો કાળે કાળે બદલાય છે

**આપણા હૃદયમાં ભગવાનનો ભાવ ઉદ્‌ભવવાથી આપણાથી જે કામો થશે તે કામોમાં જાણેઅજાણે તેની છાપ રહ્યા કરશે.** જગતની અંદર કાળે કાળે, જે મહાવિચારોના પ્રચંડ ધસારા નિરંતર ચાલ્યા આવે છે, તેના વેગમાં જ આપણે વહીશું. જો તેમ થશે તો આપણે તે વિચારના વેગના એકમાત્ર અંધ સાધન ત્યારે થઈશું. એવા પ્રચંડ વિચારોના વેગો આ દુનિયા પર કાળે કાળે બદલાતા રહે છે.

*(૩ જીવનપગથી, ૧૧૭)*

*(સંસ્કાર વિચાર કર્મ વિશે – પૃ. ૪૪-૪૮)*

## ૩. સાધનામર્મ-૫ (ક્રમશઃ)

– ડૉ. રમેશ ભટ્ટ

**પ્રભુચિંતવન સિવાયના સર્વ આગ્રહો છોડો; નમ્રતા કેળવો; શૂન્ય થવાનું ધ્યેય રાખો.**

**આપણા જીવનને કલેશમય, ત્રાસપૂર્ણ, ચીડિયું, અને કંટાળાયુક્ત બનાવનાર આપણાં મન-બુદ્ધિમાં રહેલા આગ્રહો છે. આપણું મન અનેક પ્રકારની માન્યતાઓથી ભરેલું છે. અને આપણી બુદ્ધિમાં અનેક પ્રકારની મડાગાંઠો અને આગ્રહો છે.** જ્યારે પૂર્વકર્મના સંયોગે કોઈ સંબંધી, વ્યક્તિ આપણાં આવા આંતરિક વલણોને પ્રગટ કરનારાં નિમિત્ત બને છે એટલે આપણે એમ માની લઈએ છીએ કે કે અમુક વ્યક્તિ મને દુઃખ આપે છે; અમુક સંબંધી મને ત્રાસ આપે છે. અમુક બનાવને લીધે મને કકળાટ થાય છે અમુક સંજોગોને લીધે મને કંટાળો આવે છે.

**આ બધાંથી શાંત થવા માટે આપણે બહારના ઉપાયો કરીએ છીએ અને આપણી સ્થિતિ માટે બીજાઓને દોષ દઈએ છીએ. શ્રીમોટાએ આપણને આ માટે અંતર્મુખ થવાનું કહ્યું છે. બધાનું મૂળ આપણામાં છે.** ક્યારેક આપણે આવી પરિસ્થિતિના નિવારણ માટે આપણા ગ્રહોનો દોષ પણ કાઢીએ છીએ. આપણને અમુક ગ્રહો નડે છે માટે આપણને આવી પીડા થાય છે, એવી માન્યતા સજ્જડ કરીએ છીએ. **પણ જો આપણે આધ્યાત્મિક વલણનો સ્વીકાર કરવો હોય અને જીવનમાં સાચી શાંતિ અને કાયમી સુખ અનુભવવાં હોય તો આપણે આપણને નડતા આગ્રહો, પૂર્વગ્રહો, હઠાગ્રહો અને ઘણી વખત સત્યાગ્રહો ઓળખીને તેનું નિવારણ કરવું પડશે.**

આગ્રહો, પૂર્વગ્રહો, હઠાગ્રહો વગેરે આપણી મન બુદ્ધિની શક્તિને આંતરે છે. એથી શ્રીમોટાએ રચનાત્મક રસ્તો દર્શાવ્યો છે કે **પ્રભુચિંતન સિવાયના સર્વ આગ્રહો છોડવા. પ્રભુચિંતનનો જ આગ્રહ રાખવાથી અન્ય આગ્રહો આપમેળે છૂટી જવાના.** શ્રીમોટાએ પોતે સાધનાની શરૂઆત કરતાં જ આ અવસ્થા માટે પોતે કેવી રીતે વર્તવું એ નક્કી કર્યું હતું 'મનને'ની કડી ૧૦૩-૧૦૪માં લખ્યું છે કે,

**'હરિનામને ચિત્તમાં તું મઢી લૈ**
**હૃદે શ્રેય ને પ્રેય બે સાધી લૈ'ને;**
**હંમેશાં પ્રભુ-આશ્રયે લીન રૈ'ને**
**સ્મર્યા વિણ તું ના ઘડી એક ખોજે.**

**પ્રભુચિંત્વને સર્વ શક્તિ ખપાવો**
**પ્રભુચિંત્વને સર્વ દ્વંદ્વો સમાવો;**
**પ્રભુચિંત્વને ચિત્ત ને પ્રાણ સાધો**
**પ્રભુચિંત્વને નિત્યનાં કામ સાધો.**

**આપણા ચિત્તમાં અનેક જન્મોના સંસ્કારો સંગ્રહાયેલા છે અને નૈમિત્તિક સંજોગો આવી મળતાં એ સંસ્કારો જાગૃત થાય છે અને આપણાં અંતઃકરણો પણ એમાં પોતપોતાના દ્વંદ્વાત્મક વલણોથી એમાં જોડાય છે. આથી ચિત્તને શુદ્ધ કરવા પહેલું તો હરિનામને ચિત્તમાં મઢી લેવું છે. ચિત્ત એક પ્રકારની ફ્રેમ છે. એમાંથી જે કાંઈ બીજું દેખાય એના પર હરિનામની છાપ હશે તો એ બીજો નવો દ્વંદ્વાત્મક સંસ્કાર નહિ જન્માવે. હૃદયમાં કલ્યાણ એકલું જ સાધવાનું નથી; એની સાથે પ્રેય એટલે કે ગમતું પણ સાધી લેવાનું છે. આટલું સધાતાં પ્રભુના આશ્રયે લીન રહેવાનું છે.** પ્રભુ સિવાય આપણને અન્ય કોઈનો કશાનો આશ્રય નથી, સહારો નથી એ રીતે રહેવાનો જ અભ્યાસ કેળવ્યા કરવાનો છે. માત્ર આવું બોલ્યાથી કશું પરિણામ ન આવે, પણ **આ ભાવના દિલથી સ્વીકારીને, પ્રભુના આશ્રયમાં લીન રહેવાનું છે-પરિણામે નિશ્ચિંત-ચિંતા વગરના બનવાનું છે. આવું અનુભવમાં આવે ત્યારે ખરું.**

**આથી પ્રભુને સ્મર્યા વિના એક ઘડી પણ**

ગુમાવવી ન જોઈએ. આપણને મનમાં આ બાબત સતત યાદ રહેવી જોઈએ. એને 'સ્મરણ' કહેવાય.

**આવા પ્રકારનું ચિંતવન એ પ્રભુચિંતન કહેવાય.** આપણી બધી જ શક્તિ આવા ચિંતનમાં ખપાવી દેવાથી મન-બુદ્ધિની શક્તિનો ઊંચો ઉપયોગ થાય છે. **સુખ-દુઃખ, હર્ષ-શોક, પ્રેમ-ધિક્કાર જેવાં દ્વંદ્વો 'પ્રભુ સિવાય બીજું કશું જ નથી, અને એની શક્તિથી જ બધું થઈ રહ્યું છે. આપણી ધારણા બધી નકામી છે.'** એવા ચિંતનમાં સમાવી દેવાં જોઈએ. આપણા ચિત્તના સંસ્કારો સાથે આપણી વૃત્તિઓ જોડાઈ જાય છે. **આથી જાગૃત થતા સંસ્કારોનું મૂળ આપણા અજ્ઞાનમય પૂર્વકર્મો છે એવું ચિંતન કરી એમાં, ધ્યેયથી વિરુદ્ધ લઈ જનાર સાથે વૃત્તિને ન જોડતાં-કેવળ ધ્યેયલક્ષી બનીને આપણા પ્રાણને-વૃત્તિને સાધવી જોઈએ, જેથી પ્રભુચિંતન કેવળ બૌદ્ધિક ન રહેતાં એ પ્રાણમાં-વૃત્તિમાં ઊતરી શક્તિરૂપે આપણને ઊર્ધ્વજીવન પ્રત્યે લઈ જાય. આપણાથી થતાં રહેતાં કામો ખરેખર તો પ્રભુની શક્તિથી થાય છે. એ આપમેળે થાય છે. આપણે એના 'કર્તા' નથી--માટે આપણો અહંકાર પણ પ્રભુચિંતનમાં ઓગળી જાય છે.**

આ પ્રકારનો **પ્રભુચિંતનનો આગ્રહ સેવવાથી આપણા જીવનના બીજા બધા જ આગ્રહો, પૂર્વગ્રહો, મડાગાંઠો આપમેળે ઓગળતા જાય છે અને આપણે મુક્તિના સુખ તરફ ગતિ કરીએ છીએ.** આવી અવસ્થાના અનુભવ પછી આપણામાં સાચી નમ્રતા પ્રગટે છે. **અહંકાર ઓગળ્યા વિના જ 'હું નમ્ર છું'-એવી માન્યતા સેવવી એ તો ભ્રમણા છે. આપણે ઘણાંને 'હું મારો મત નમ્રપણે જણાવું છું' એવું બોલતાં સાંભળીએ છીએ. એમાં અહંકાર આગ્રહ અને આડંબર છે-એ બોલનારને તો ઓળખાતા જ નથી. વળી આપણે કલ્યાણગામી થયા ન હોવાથી આપણે પણ ભરમાઈ જઈએ છીએ. આથી પ્રભુના ચરણની રજની ય રજ થયા વિના-અહંકાર સંપૂર્ણ શરણે મૂક્યા વિના-નમ્રતા આવતી નથી એમ પ્રમાણવું.**

**આધ્યાત્મિક નમ્રતાનું અંતિમ બિંદુ એ 'શૂન્ય' છે. આ આધ્યાત્મિક અનુભવનું સર્વોચ્ચ શિખર મનાય છે. એવા અનુભવનું ધ્યેય રાખવું એમ શ્રીમોટા સૂચવે છે.** આવું ઉચ્ચોચ્ચ ધ્યેય રાખવાથી નિરંતર પ્રગતિમાં જ રહેવાય છે. **હરિના માર્ગમાં ક્યાંય વિસામો નથી કે ક્યાંય પૂર્ણવિરામ નથી. એ તો અંનત છે.**

*(સમજની બારી, પૃ. ૩૨-૫૧)*

---

## કૃપા કોને વરે ?

(અનુષ્ટુપ)

જાગીને, હેતુને પ્રીછી, સાધવા હેતુ જે મથે
– વફાદારીથી સંપૂર્ણ શ્રમ અથાગ જે કરે,
ને જેમાં ભક્તિ જાગીને કૃપા-આશ્રય જેહને
એવા માત્ર ફળાવે છે ધારેલો હેતુ જીવને,
તેવાંને શી કૃપા નિત્યે છે સાથોસાથ જીવને !
જવી પડે કૃપાને ના ખોળવા ક્યાંય એમને.૧૨૨-૧૨૪.

દાવાનળ સમો અગ્નિ શો સળગેલ જીવને !
જીવન-ધ્યેય તો એવાં માત્ર ફળાવતાં ધપે;
સર્વ-ભાવે, બધી રીતે જવા હોમાઈ તત્પર,
તેવાંને શી કૃપા પોતે વારી વારી વરે દિલ.૧૨૫-૧૨૬.

જવા સંપૂર્ણ ખોવાઈ જેની તૈયારી જીવને, જેને હર્ષ
સમર્પાતાં ઊછળે, ત્યાં કૃપા જ છે. ૧૨૭

ધ્યેયની લગની કેવી ! ખંતનો નહિ પાર છે,
મથી મથી, કડીતોડ મસ્ત જે સાધના વિષે;
અખંડાકાર છે તેમાં સંપૂર્ણ આરપાર છે,
તેને જ માત્ર ધાઈને કૃપા ઉમળકે વરે. ૧૨૮-૧૨૯

કોનાથી દૂર ભાગે છે ? કોને કોને કૃપા વરે ?
તે તે બતાવ્યું છે તે સ્પષ્ટ કૃપાની તે કૃપા થકી.
કાંતવા ઝીણું ઝીણું તે એવી શક્તિ ન મુજમાં,
કૃપાની બલિહારીથી લખાયું છે કૃપાથી આ. ૧૩૦-૧૩૧.

(કૃપા-પ્રથમ, પૃ. ૨૦)

# ૪. પૂજ્ય શ્રીમોટાને મળેલ સંત પૂજ્ય શ્રી નારાયણ સ્વામી અને નારાયણ આશ્રમ

– રાજેન્દ્ર રાવલ

પરમ પૂજ્ય શ્રી નારાયણ સ્વામીજી માત્ર એક આધ્યાત્મિક મહાપુરુષ જ નહોતા પણ તેઓ એક કર્મયોગી, રાજયોગી, પરમહંસ તથા સમાજસેવક પણ હતા.

તેમના જન્મ સંબંધી કોઈને કશીજ હકીકતની જાણકારી નથી પરંતુ આ મહાન વિભૂતિનો જન્મ માગશર માસની પૂનમ (દત્ત જયંતી)ના દિવસે કર્ણાટક રાજ્યના બેંગ્લોર શહેરમાં થયો હતો. પૂજ્યશ્રીનો અંગ્રેજી તારીખ પ્રમાણે દત્ત જયંતીને બુધવારે રોહિણી નક્ષત્રમાં પાછલા પહોરના ૧૧ને ૧૯ મિનિટે ૨ ડિસેમ્બર ૧૯૧૪માં ગૌડ સારસ્વત બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. પરમપૂજ્ય નારાયણના પિતાજી મૈસુર રાજાના દિવાન હતા. સ્વામીજીનું પૂર્વાશ્રમનું નામ રાઘવેન્દ્ર હતું. જ્યારે કોઈ નારાયણને તેમના મા-બાપ સંબંધી પૂછતા તો તેમનો જવાબ ‘સંકીર્તન અને ભજન જ તેમના સાચા મા-બાપ છે.’ જો કોઈ તેમની માતૃભાષા અને માવતર વિષે અધિક પૃચ્છા કરે તો કહેતા કે ‘ના મારે કોઈ પિતા છે ના કોઈ માતા છે. વિઠ્ઠલ પ્રભુ જ મારા માવતર છે. વિઠ્ઠલ સમીપ જ રહું છું. વિઠ્ઠલ જ મારું સર્વસ્વ છે.’

પૂજ્ય નારાયણ સ્વામીએ નથી કોઈ ડાયરી લખી કે નથી લખી પોતાની આત્મકથા. કોઈ કોઈ વાર શિષ્યોને પત્ર લખીને માર્ગદર્શન આપતા. સુસંસ્કૃત વાતાવરણમાં તેમનો ઉછેર થયો અને ઉચ્ચ શિક્ષણ પણ પ્રાપ્ત કર્યું.

બાળપણથી રાઘવેન્દ્ર (નારાયણ)ને વાંચનનો ખૂબ શોખ હતો. તેઓની ધાર્મિક વૃત્તિના કારણે ભારતના મહાન સંતો જેવાં કે રામકૃષ્ણ પરમહંસ, રામતીર્થ તથા વિવેકાનંદજીના જીવનચરિત્રો વાંચતા હતા જેનાથી તેમના જીવન પર મહાન સંતોનો પ્રભાવ પડવા માંડ્યો. કરાંચીમાં તેમના કાકાએ એરોનોટીકલ એન્જિનિયરીંગનો અભ્યાસતકલા માકલ્યા તેની સાથે સાથે કરાંચીના સમુદ્રતટે સાંજના પ્રભુનું ધ્યાન ધરતાં તથા ૧૦૮ મંત્ર લખીને સમુદ્રના મોજાઓમાં વહાવી દેતા. આ દરમ્યાન તેમનો ભેટો એક મહાત્મા સાથે થયો. રાઘવેન્દ્રની ભક્તિના કારણે વૈરાગ્યભાવ વધતો ગયો. અંતે અમાસની રાતે શનિવારે ઘરેથી નીકળીને ટ્રેનમાં કલકત્તા પહોંચ્યા. ગંગાસ્નાન કરીને દક્ષિણેશ્વર મંદિરમાં મા ભગવતી મહાકાળીના દર્શન કરીને રામકૃષ્ણની સમાધિ પર પહોંચી ગયા. રામકૃષ્ણ મિશનમાં થોડો સમય બેલુર મઠમાં બ્રહ્મચારીના રૂપમાં રહીને ત્યાંના પુસ્તકાલયમાં સેવા આપી. પરંતુ તેમને એવું લાગ્યું કે આત્મસાક્ષાત્કાર તથા ચિંતન-મનન માટે હિમાલય યોગ્ય રહેશે. એટલે ત્યાંથી સીધા હરિદ્વાર ગયા. હિમાલયની ધૂનના કારણે ભગીરથી નદીના કિનારે કિનારે હિમાલય તરફ ચાલતા ચાલતા ઋષિકેશ થઈને ઉત્તરકાશી આવ્યા. ત્યાંથી ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ તથા બદ્રીનાથ સુધીની યાત્રા કરી. પણ ક્યાંય સ્થિર ના થયા અને હર પળ ‘નારાયણ નારાયણ’ પવિત્ર રટણ કરતા રહ્યા. ભૂખ લાગે તો ભિક્ષા માંગીને ભૂખ ભાંગતા. નિદ્રા આવતી તો ધરતી માતાની ગોદમાં જ સૂઈ જતા. આ ભ્રમણ દરમિયાન તેમને ભિલંગના નદીના કિનારે એક ઉચ્ચ કોટિના સન્યાસી કે જેઓ ભગવાન દત્તાત્રેયના ઉપાસક હતા, તે સંત હરિહરાનંદજી મળ્યા. તેમની પાસેથી સન્યાસ દીક્ષા લીધી ને ગુરુજીએ નામ આપ્યું નારાયણનંદ.

આશીર્વાદ સાથે દત્તઝોળી ભેટ આપી. જેને કાયમ ખભે લટકાવી રાખતા. એવું કહેવાય છે કે આ દત્તઝોળી અન્નપૂર્ણાની સિધ્ધિવાળી હતી જે છેક સુધી તેમની પાસે હતી.

ઉત્તરકાશીમાં ઉજેલીમાં તપોવન મહારાજના આશ્રમમાં ઘણો સમય રહ્યા. ત્યાં સ્વામી તેજસાનંદજી તથા તપોવન સ્વામીના સાનિધ્યમાં સત્સંગ સાથે શાસ્ત્રોનો અભ્યાસ કર્યો. ત્યાં જ પૂજ્ય શિવાનંદ સ્વામીજી, સચ્ચિદાનંદ સ્વામીજી તથા ચિન્મયાનંદ સ્વામીજી સાથે મુલાકાત થઈ.

તેમની નબળી આંખના કારણે મોટી ચશ્માની સોનાની ફ્રેમ હતી. જેથી બધા ઓળખી જતા. આ ચશ્મા મા ભગીરથી નદીના પ્રવાહમાં વહેતા કરીને છ મહિના સુધી નદીના ભૂરા પાણીનું એકીટશે દર્શન સાથે સૂર્યમંત્રનું રટણ કર્યા કરતા. આ સાધનાથી એવો ચમત્કાર થયો કે તેમની આંખની જ્યોતિ પાછી આવી.

આમ ચશ્માના બંધનથી મુક્ત થઈ તે ગંગોત્રી ગયા. ત્યાં પાંચ વર્ષ સુધી એક ગુફામાં રહીને કઠોર તપ કર્યું. ગંગોત્રીમાં તેમને અવધૂતાનંદજી, અવધૂત શ્રીકૃષ્ણાનંદ, અવધૂત શ્રીરામાનંદ અને કેશવાનંદ સાથે સત્સંગથી શ્રી નારાયણને બહુ જ પ્રેરણા મળી. મહિનામાં ત્રણ-ચાર વાર ગામમાં ભિક્ષા માંગવા જતા. ભિક્ષામાં ફરાળી રોટલી મળતી. આ રોટલીઓ સૂકાઈ જાય ત્યારે પાણીથી પલાળી ખાઈ લેતા. ક્યારેક રોટી ન મળે ત્યારે જંગલી ઘાસ ખાઈ લેતા. ગાયો ચરાવવા જતાં અને ભરજંગલમાં પ્રભુનું નામ રટણ કરતા. ત્યાં એમને જમવાનું મળી જતું.

ગંગાપૂર રેલ્વે સ્ટેશનેથી શ્રીશ્યામરાવ ખોળકરજી સાથે ચાલતા ચાલતા જતા હતા ત્યાં મંડપમાં દત્તાત્રેયના ગુરુચરિત્રનું વર્ણન ચાલી રહ્યું હતું. કથા સાંભળતા સાંભળતાં નારાયણ ભાવાવેશમાં આવી ગયા અને ભાવસમાધિ લાગી ગઈ. આમ સત્સંગીઓને લાગ્યું કે દત્તાત્રેય સ્વયં સન્યાસીના રૂપમાં દર્શન આપવા પધાર્યા છે.

શ્રી નારાયણ કરતાલ વગાડતા અને તેમની સાથે હારમોનિયમ અને પખાવજ તેમના સત્સંગી વગાડતા અને કરતાલ વગાડતા ભજન કીર્તન વાંજિત્રો સાથે ધૂન ગાઈને ભાવસમાધિમાં સરી પડતા. વડોદરાના નિવાસ દરમ્યાન ભક્તોની સંખ્યામાં વૃદ્ધિ થઈ.

મે, ૧૯૩૫માં શ્રી નારાયણ સ્વામી ગંગાપુર (રાજસ્થાન)થી કૈલાસ યાત્રાએ નીકળ્યા. અલ્મોડાથી યાત્રા આરંભી. શ્રી અસીમાનંદ સ્વામી આઈસીએસ અફસર હતા. તેઓ ‘મા’ કાલીના પ્રખર ઉપાસક હતા. તેમની નારાયણ સ્વામી તન, મન અને શ્રદ્ધાથી સેવા કરતા. ત્યાં મંદિરની ગુફામાં લઈ જઈને મા કાલીના સાક્ષાત દર્શન કરાવ્યા. ત્યાંથી તેઓ હિમાલયની ઘાટીઓમાં ચાલતા માર્ગમાં ત્રણ ઊંચા શિખરો ઊંટાધૂરા, ડુંગરી, બિરંગી તથા જયંતિને એક જ દિવસમાં ઓળંગીને ૧૬૦૦૦ ફૂટ ઊંચે તિબેટના પઠારમાં પહોંચ્યા. યાત્રા કઠિન હતી, પરંતુ ઉત્સાહ અને હિંમત હાર્યા વગર ૧૯૦૦૦ ફૂટની ઊંચાઈ પર ડોલમાળા પહોંચીને કૈલાસના દર્શન કરીને નારાયણ સ્વામી અને રામાનંદ સ્વામી બંને ભાવવિભોર બની ગયા. ત્યાંથી ઉત્તર પૂર્વમાં ૧૮૦૦૦ ફૂટની ઊંચાઈ પર શંકરના પગ પખાળતા ગૌરી કુંડ છે ત્યાં પહોંચી ગયા. એક સિદ્ધ પુરુષ કે જેમનો તપોવન નામનો આશ્રમ ગુજરાતમાં નર્મદા કિનારે માલસરમાં છે તેમનો ભેટો થયો. આ સિદ્ધ પુરુષે શ્રી નારાયણને ભક્તિમાર્ગ અને યોગી રામાનંદજીને અષ્ટાંગ યોગ અપનાવવાની સૂચના આપી. આ સિદ્ધ પુરુષનું નામ પરમ પૂજ્ય આત્માનંદજી હતું તે અવધૂત મહારાજ આજે પણ હયાત છે. બંને સંતાત્માઓ

કૈલાસ માનસરોવરની ૯૪ કિ.મી.ની પ્રદક્ષિણા કરીને તકલાકોટ પહોંચ્યા.

વર્ષ ૧૯૩૫માં સંન્યાસીની રૂમાદેવીએ વ્યાસઋષિની તપોભૂમિ બ્યાઁસ તથા ચૌદાંસ ઈલાકાની મળેલ માહિતીના આધારે ચૌદાંસ જવા નીકળ્યા, સ્વામીજીને કુલોંક સ્થાન પસંદ પડ્યું જ્યાં અત્યારે આશ્રમ આવેલો છે. પૂજ્ય નારાયણ સ્વામી આ સ્થાનની ભવ્યતા, સુંદરતા તથા એકાંતમયતા જોઈને એટલા આનંદિત થઈ ગયા કે તેઓ ગાવા લાગ્યા, નાચવા લાગ્યા અને નારાયણનું સંકીર્તન કરતાં કરતાં ભાવવિભોર થઈ ગયા. સ્વામીએ વાત કરતાં જણાવ્યું કે આ ભૂમિ પ્રાચીન ઋષિમુનિઓની તપોભૂમિ છે. અતિ પવિત્ર ભૂમિ છે. તેથી આ ભૂમિ પર રહીને હું માનવતાની સેવા, ઈશ્વરની સેવાની ભાવના સાથે કરીશ. હું અહીંના વંચિતો, પીડિતો, ઉપેક્ષિત નિસહાય તથા નિરક્ષર લોકોની સેવા કરીને આધ્યાત્મિક, શૈક્ષિક, આર્થિક અને સામાજિક ઉત્થાન કરીને મારી સાધનાને સફળ બનાવીશ. આ સ્થાન જ યોગ્ય અને શ્રેષ્ઠ છે. સમસ્ત હ્વાંક ભાઈઓએ ગામની ગોચર જમીનને શ્રી નારાયણ સ્વામીને આશ્રમ બનાવવા માટે દાનસ્વરૂપ દઈ દીધી. ચાર કિ.મી. દૂર ખ્રિસ્તી મીશનરીજનું મોટું કેન્દ્ર હતું. તેમ છતાં સ્વામીજીએ હિમાલયના અલ્મોડાના સીમાંત તાલુકો હતો તેનું સર્વાંગીણ ઉત્થાન કરવાનું બીડું ઝડપ્યું.

**શ્રી નારાયણ આશ્રમની સ્થાપના**

જિલ્લા પિથૌરા ગઢનો સિમાન્ત ઈલાકો ગ્રામસભા સોસા ધારચૂલા તાલુકાનાં કલૌંક નામના સ્થાન ઉપર કે જે સમુદ્ર સપાટીથી ૮૫૦૦ ફૂટની ઊંચાઈ પર હતું તે હિમાલયના શીતલ શાંત પાવન ભૂમિ પર તા. ૨૬ માર્ચ, ૧૯૩૬ને ગુરુવારને દિવસે વાસ્તુ મૂહુર્ત પ્રમાણે એક નાની ઝૂંપડી શ્રી ખુશાલસિંહ હ્વાંકી દ્વારા પ્રદાન કરાયેલ ભૂમિ પર નારાયણ આશ્રમની સ્થાપના કરાઈ. વળી ૐ શ્રી નારાયણ નમઃ મંત્ર લખી બાવન (૫૨) ફૂટ લાંબા ઝંડા ઉપર ધજા પતાકા લગાવીને જ્યાં બ્યાસતીર્થ હતું તે સ્થાન પર ખાડો ખોદી તેમાં દાટી દીધો.

આ ભૂમિ એક ઢોળાવવાળા ઝાડ પાન વિનાનું ગોચર હતું. સામે પૂર્વ તરફ નેપાલ, હિમાલયની પર્વતમાળા, નમજ્યું, શંકર, નાન્દી, પ્રી સીસ્ટા, અમીનપી તથા તેનાથી દૂર પૂર્વ તરફ અન્નપૂર્ણા પર્વતમાળાની હિમાચ્છાદિત શ્વેત પર્વતીય શ્રેણીઓ તથા ૩ કિ.મી. નીચે ભારત-નેપાળની સીમાચિન્હ કાલીગંગાની સાંકડી ચમકતી ઘાટી સહજ જ બધાના ધ્યાનાકર્ષણનું કેન્દ્ર બની છે. પશ્ચિમ તરફ (છિપલાકેદાર) કે જ્યાં જૂન થી ઑક્ટોબર સુધી લીલોતરી છવાયેલી રહે છે અને બાકીના મહિનાઓમાં બરફથી ઢંકાયેલો રહે છે તે છિપલાકેદાર ફેલાયેલો છે તથા પંચાચૂલીની હિમાચ્છાદિત પર્વતમાળા ફેલાયેલી છે. પ્રકૃતિની આ નૈસર્ગિક શોભા નિહાળીને તથા ઉદય અને અસ્ત થતા સૂર્યની અપૂર્વ છટા નિહાળીને શ્રી નારાયણ સ્વામી ભાવવિભોર થઈ કલાકો સુધી ભાવસમાધિમાં તલ્લીન થઈ જતા.

પર્ણકુટીરમાં રહીને જ શ્રી નારાયણ સ્વામી અને યોગી રામાનંદે ત્રણ વર્ષ સુધી તપ કર્યું. ત્યાર પછી યોગી રામાનંદજીએ ગુજરાતના નર્મદા તટ પર માલસર નજીક તપોવનમાં પોતાનો આશ્રમ બનાવી રહેવા લાગ્યા.

સવાર સાંજ નિત્ય કીર્તન કરનારા ભક્તોની સાથે મીરા, તુલસીદાસ, તુકારામ તથા કબીરનાં ભજનો નારાયણ બહુ જ ભાવુક થઈ ગાતા :

**“વૈષ્ણવજન તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,**
**પર દુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણે રે.”**

ઉપરનું ભજન તેમને બહુ પ્રિય હતું. નારાયણ

સ્વામી કીર્તન કરતા કરતા ભાવાવેશમાં આવી જતા. ક્યારેક હસવું, ક્યારેક રડવું, ક્યારેક નારાયણ નારાયણનું નામ મોટેથી પોકારતા. ક્યારેક અચેતનાવસ્થામાં પડ્યા રહેતા. સતત નારાયણના નામનું સંકીર્તન કરતા કરતા તન્મય થઈ જતા અને જીવમાત્રને નારાયણ નામ દઈ બોલાવતા. કારણ કે સઘળા મનુષ્ય માત્રમાં એક જ ઈશ્વર પરમાત્મા વસે છે. વારંવાર નારાયણ બોલવાથી અંતઃકરણ શુદ્ધ થાય છે અને જેનાથી મનુષ્ય ઈશ્વર સમીપે તેની અનુભૂતિ કરાવવાની સરળ અને સુગમ પદ્ધતિ નારાયણ સ્વામી કરતા. લોકો તેમને નારાયણ સ્વામી કહે તે ગમતું નહિ અને કહેતા કે હું સ્વામી નથી તમારા બધાનો સેવક છું.

ધીરે ધીરે કેલાસ જતા દર્શનાર્થીઓ અને સાધુસંતોની સંખ્યા વધતી ગઈ. નારાયણ સ્વામી નજીકના ગામડાઓમાં જઈને હરિકીર્તન કરતા અને આવેલ ગ્રામવાસીઓને સદ્ગુણો, સદ્વિચારો, સદ્ચરિત્રોનો વિકાસ, ઉત્તમ શિક્ષાપ્રદ વાર્તાઓ તથા મનોરંજક ટૂચકાઓ સંભળાવતા.

ઑગસ્ટ ૧૯૪૬માં શ્રી નારાયણ સ્વામીના વરદ્ હસ્તે મૂર્તિ પ્રતિષ્ઠાપિત કરવામાં આવી. મૂર્તિની સ્થાપના પછી મંદિરમાં નારાયણની ષોડશોપચાર પૂજા રોજે પ્રાતઃકાળે થાય છે તથા સંધ્યાકાળે ભજન-કીર્તન, આરતી થાય છે.

સ્વામીજીને હિમાલય માટે અનહદ પ્રેમ હતો તેથી કહ્યા કરતા કે **“હિમાલય મારો જ એક હિસ્સો અને આશ્રમની ભૂમિનું જ એક અંગ છે. હિમાલય જ નારાયણ છે ને નારાયણ જ હિમાલય છે. હિમાલય અતુટ શાંતિનું ઘર છે ને શાંતિનું ઝરણું છે. એ એકદમ દિવ્ય છે. અહીંના પક્ષીઓ પ્રકૃતિના રચયિતા પરબ્રહ્મ પરમેશ્વરની સ્તુતિ કરતા ગીતો ગાય છે.”**

સમુદ્ર સપાટીની ૮૬૦૦ ફૂટ તથા અન્નપૂર્ણાસરથી નજીક ૧૫૦ ફૂટની ઊંચાઈ પર બનેલા મંદિરના આકારની નારાયણની કુટીર જેનું નામ એમણે “શૂન્ય કુટીર” રાખેલ હતું. તેમાં તેઓએ શાંત અને ધ્યાન માટે આ કુટીર બનાવી હતી.

આ ઈલાકાની જનતાને સુખી, સમૃદ્ધ અને શિક્ષિત કરવાના ઉદ્દેશ્યથી સ્વામીજીએ શિક્ષણનો વ્યાપ વધારવા માટે ઘણી પ્રાથમિક શાળાઓ ખોલી તેમજ પાઠશાળાના ભવનોનું નિર્માણ કર્યું. પાંગુમાં જુનિયર હાઈસ્કૂલ, કમેડીદેવીમાં સંસ્કૃત વિદ્યાલય અને અસ્કોટની પાસે નિર્જન સ્થાન ધરમધરમાં નારાયણનગર વસાવી એક ઈન્ટરમીડીએટ કૉલેજ બાપુ મહાવિદ્યાલય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના સ્મરણાર્થે શરૂ કરી. સ્વામીજીએ ચિકિત્સાની ખૂબ જ પાંખી સગવડોને કારણે દવાખાનું શરૂ કર્યું. જેમાં એક્સરે મશીન પણ વસાવ્યું. સ્વામીજીએ લોકોના સહયોગથી કુલ સત્તર જેટલી સંસ્થાઓની સ્થાપના કરી કેમ કે નારાયણે લોકસેવાને પોતાની આધ્યાત્મિકતાના અભિન્ન અંગ સમાન માની હતી.

નારાયણ સ્વામી દર વર્ષે કૈલાસ માનસરોવરની પરિક્રમા કરવા ૪૦ થી ૫૦ વ્યક્તિઓ સાથે જતા હતા. ૧૯૩૬ થી ૧૯૫૪ દરમ્યાન તેમણે ૧૩ વખત કૈલાસ માનસરોવરની યાત્રા કરી.

નારાયણ ગરીબોના બેલી, પોષક અને શિક્ષક હતા. તેઓ મધુરભાષી ક્યારેય ગુસ્સાથી વાત ન કરે. તેઓ પાપીની દયા ખાય પણ તેને કરેલા પાપનો તિરસ્કાર કરતા.

તેઓ ગરીબો અને હરિજનોના બેલી હતા. ભગવાનનું નામ અને સંકીર્તન જ તેમનો **જીવનમંત્ર** હતો. તેઓ કીર્તન-સમ્રાટ હતા. કીર્તનાવતાર હતા. સાક્ષાત ગૌરાંગ પ્રભુ હતા. તેઓ બંગાળના ચૈતન્ય મહાપ્રભુ અને રાજસ્થાનની મીરાં તથા

વિદેશીઓના ઈસુ ભગવાનની પ્રતિકૃતિ હતા. નારાયણમાં બુદ્ધ તથા ગાંધીજીની અહિંસા અને ઈસુ ભગવાનનો માનવપ્રેમનો સુંદર સમન્વય હતો. ઈસુ ભગવાન પાસેથી સહનશીલતા, ક્ષમાવૃત્તિ અને માનવપ્રેમ, સ્વામી વિવેકાનંદ પાસેથી હિન્દુ તત્ત્વજ્ઞાન અને સમજ તથા મહાત્મા ગાંધીજી પાસેથી સત્ય અને અહિંસાના સિદ્ધાંતો અનુરૂપ આચરણ. તેમને સંકીર્તનનું માનવરૂપ કહેવામાં કોઈ અતિશયોક્તિ નહોતી.

તેઓ નિરાભિમાની, સરળ, પ્રેમાળ, મિલનસાર અને નિર્મોહી સંત હતા. તેઓ ક્યારેક વાંસળી, ક્યારેય વાયોલિન, ક્યારેક ગિટાર વગાડતા તો ક્યારેક ખંજરી અને મૃદંગ વગાડીને મસ્ત રહેતા. તેઓ ઘણાં બધાં વાદ્યો વગાડી શકતા.

નારાયણ કહ્યા કરતા કે પ્રેમ એક એવું સૂત્ર છે જે બધાને જોડી રાખે છે. માનવતાનો ધર્મ જ પ્રેમ છે. પ્રેમ જ ભગવાન છે. પ્રેમ જ એક ઊંચી અને ઉત્કૃષ્ટ તથા પૂર્ણ વસ્તુ છે. **નારાયણે પોતાના દિવ્ય વિચારોમાં નામસ્મરણનું જ મહત્ત્વ છે અને કહ્યું છે કે કળિયુગમાં પ્રભુપ્રાપ્તિ માટે નામસ્મરણ જ સચોટ ઉપાય છે. નામસ્મરણથી આપણા રોમેરોમ પવિત્ર થઈ જાય છે અને ધીરે ધીરે પ્રભુના સાનિધ્યમાં પહોંચી જાય છે. તેઓ કહેતા કે જ્યાં ભજન સંકીર્તન થતું રહેશે ત્યાં હું સદા ઉપસ્થિત રહીશ.**

કહેવાય છે કે શ્રી નારાયણ સ્વામી રામેશ્વરની યાત્રા વખતે શ્રી મહર્ષિ રમણને મળવા રમણ આશ્રમ ગયા. પરંતુ તેઓના નાનાભાઈએ મળવા ના દીધા. તેથી નારાયણ પાછા ફરતાં'તા ત્યારે શ્રીરમણ મહર્ષિએ કહ્યું કે હિમાલયના સંત જે પાછા જઈ રહ્યા છે તેમને મારી પાસે લઈ આવો અને બંને સંતોનો મેળાપ અદ્ભુત હતો. તેના છ મહિના પછી રમણમહર્ષિ કૈલાસ જઈ રહ્યા છે એવું સ્વપ્નામાં દેખાયું નારાયણને સાથે આવવાનું કહ્યું પણ તેઓ ના ગયા એવી સ્વપ્નાની વાત કરી રહ્યા હતા ત્યારે ખબર મળ્યા કે રમણમહર્ષિએ પોતાની જીવનલીલા સંકેલીને મહાસમાધિ લઈ લીધી.

મદ્રાસમાં શ્રી બાબુભાઈ (બાબુ સરકાર) તેમના પરિવારને લઈને નારાયણ આશ્રમ ગયા. તેઓને નારાયણની ઘણી વાતો ખબર હતી. શ્રી નારાયણ ૧૯૪૭માં સૌ પ્રથમ વખત મદ્રાસ (ચેન્નાઈ) આવ્યા હતા. તેઓ કોઈપણ સાધુસંતને મળતા ન હતા પરંતુ રમનગિરી વિદેશીસંતને તેઓ મળવા ગયા'તા. શ્રી રમનગિરી વિદેશીસંત અનુસાર નારાયણ સ્વામી પોતાના પાછલા જન્મમાં (પૂર્વ જન્મ) સેંટ થોમસ હતા. પૂર્વ જન્મમાં નારાયણ વિદેશી હું (રમનગિરી) ભારતીય હતા. આ જન્મમાં નારાયણ ભારતીય અને હું વિદેશી છું. શ્રી બાબુસરકારનું કહેવું હતું કે ખબર નથી કેમ પણ નારાયણ સ્વામી મદ્રાસમાં સેંટ થોમસ માઊંન્ટ અવશ્ય જતા.

નારાયણ સ્વામીને ત્રણ બહેનો પૂર્વાશ્રમમાં હતી. એક મદ્રાસમાં, બીજી ઈંદોરમાં અને ત્રીજી મુંબઈમાં છે. એક ભાઈ જે મૈસુરમાં એન્જિનિયર હતા. ૧૯૪૮માં બાબુ સરકાર બોર્ડની પરીક્ષા આપવા જતા હતા ત્યારે નારાયણ મદ્રાસમાં હતા. તે વખતે ગાડી ખરાબ થઈ ગઈ'તી. ત્યારે નારાયણે તેમના ભાઈઓને કહી દીધું કે જલદી જાઓ બચ્ચે લોક રસ્તામાં પરેશાન થઈ રહ્યા છે. આ સાંભળી ઘરેથી બીજી ગાડી કરીને એ લોકોને પરીક્ષાભવન પહોંચાડ્યા પછી પરીક્ષાનું પરિણામ આવે તે પહેલાંજ વધાઈનો તાર નારાયણ સ્વામી તરફથી મળી ગયો હતો.

નારાયણે ચમત્કારોનું ક્યારેય પ્રદર્શન નથી કર્યું. પરંતુ ચમત્કાર આપોઆપ જ થઈ જાય છે. **એકવાર પૂજ્ય નારાયણ સ્વામી, શ્રી ગદુદાદા, શ્રી વેણીભાઈ (શ્રી જગ્ગુભાઈના પિતાજી) અને નડિયાદ**

**આશ્રમના બડે સ્વામી (પૂજ્ય શ્રીમોટા) એક સાથે બાલાજી તિરુપતિના દર્શનાર્થે ગયા'તા તો તેમના ત્યાં પહોંચવા સુધીમાં મંદિરના દરવાજા દર્શન માટે બંધ થઈ ગયા હતા. પરંતુ નારાયણ અને શ્રીમોટા ત્યાં જ દરવાજે કીર્તન કરવામાં તલ્લીન થઈ ગયા.** થોડીવાર પછી રાવલ પૂજારી વગેરે લોકોને દરવાજા ઉપર ખટખટાવાનો અવાજ આવ્યો અને દરવાજા હાલતા દેખાયા. પૂજારીને લાગ્યું આવી વિચિત્ર ઘટના બની રહી છે. આ તો એક ચમત્કાર જ હતો. **ભગવાન બાલાજી સ્વયં નારાયણ અને બડે સ્વામીના દર્શન કરવા માંગતા'હતા** અને પૂજારીએ દર્શનાર્થે મંદિરના દરવાજા ખોલી નાખ્યા. ત્યારથી નારાયણ જ્યારે મંદિરના દર્શનાર્થે જતા ત્યારે તેમના માટે કાયમ દરવાજા ખુલ્લા રહેતા.

દર વર્ષે નારાયણ પૂનાથી સંત તુકારામના સમાધિસ્થળ દેહા તથા જ્ઞાનેશ્વરની સમાધિ અણલ્દી અને વિઠ્ઠલના દર્શન કરવા પંઢરપૂર અવશ્ય જતા. ત્યાં ચંદ્રભાગા નદીમાં સ્નાન કર્યા બાદ કદીક આંખ બંધ કરી હાથથી કરતાલ વગાડતા ભક્તિ ભજન ગાતાં અને સંકીર્તન કરતા કરતા 'વિઠ્ઠલ, વિઠ્ઠલ, વિઠ્ઠલ, માઈ માઈ બાબા વિઠ્ઠલ' કરતાં કરતાં મંદિરની પ્રદક્ષિણા કરતાં ભક્તિમાં એટલા તલ્લીન થઈ જતા કે તેમને પોતાના શરીરનું પણ ભાન રહેતું નહી અને આટલી ભક્તિમાં જ્યારે નાચતા, ગાતા ત્યારે તેઓ વિઠ્ઠલ સ્વરૂપ જ દેખાતા. વિઠ્ઠલ બોલતાં જ વિઠ્ઠલની મૂર્તિ પાસે સમાધિસ્થ થઈ જતા.

આ પંઢરપૂર એ તો મારા પિતાનું ઘર છે. તથા આ ભૂમિ પર જેમના હોઠો પર સદા ઈશ્વરનું નામ હોય છે. એવા સંત તુકારામ શ્રી જનાબાઈ અને સંત જ્ઞાનેશ્વર જેવા મહાન સંતોની ચરણરજ પથરાઈ છે એ ચરણરજનો મારા શરીર ઉપર લેપ કરું છું.

પૂજ્ય શ્રી નારાયણ પોતાનું સાનભાન ખોઈને ચૈતન્ય મહાપ્રભુની જેમ કીર્તન કરતા કરતા ભાવસમાધિ લાગી જતી. નારાયણ સ્વામી માટે મંદિરના દ્વાર કાયમ ખુલ્લા રહેતા અને પૂજ્ય નારાયણને વિઠ્ઠલ ભગવાનની પાલખીમાં બેસાડી પૂજારી લોકો પોતાના ખભે ઊંચકીને મંદિરની પ્રદક્ષિણા કરતા'તા.

નારાયણ આ સ્થાનો ઉપરાંત નાથદ્વારા, દ્વારકાધીશ, જગન્નાથપુરી પણ દર્શનાર્થે જતા હતા તથા ઉત્તર ભારતના મથુરા, વૃંદાવન અને બરસાના પણ જતા આવતા હતા.

**જીભ માટે નારાયણ જંગલી જાનવરની ઉપમા આપે છે. તેથી તેની પર કાબુ તો હોવો જ જોઈએ. નહીંતર કાતરની માફક ચાલતી રહેશે.**

સ્વાસ્થ્ય ઉપર ખરાબ પ્રભાવ પડે તેવા ઉપવાસ ના હોવા જોઈએ. વિના ઈશ્વર સંકીર્તન અને હરિ સુમિરણ ઉપવાસ રાખવાથી કોઈ ક્ષેત્રમાં સફળતા મળતી નથી અને હરિ સંકીર્તન વિના ઉપવાસ ઉપવાસ કહેવાતો નથી.

શ્રી નારાયણ ઝોળીને કાયમ પોતાની પાસે રાખતા કેમ કે એ ઝોળીમાં તેમના ગુરુ દ્વારા અપાયેલ મંત્ર વગેરે જરૂરી ચીજો રાખેલી રહેતી'તી.

દર વર્ષે ગુરુપૂર્ણિમા, કૃષ્ણ જન્માષ્ટમી, દશેરા, દિવાળી અને શિવરાત્રીના પવિત્ર તહેવાર ઉજવવામાં આવે છે. ઓગણીસ-વીસ વર્ષનો સમય આમ જ જાણે આંખના પલકારામાં વીતી ગયો. ઉત્તરાંચલમાં હરિનામનો પ્રચાર કરી અસંખ્ય લોકોનાં હૃદય જીતી લીધાં. નાત-જાત, વર્ણ ભેદ દૂર કરી બધાંને એક પારિવારિક દિવ્ય સ્નેહની દોરીથી બાંધી દીધા અને **૧૯૫૪ની સાલમાં નારાયણ સ્વામી ૪ જુલાઈ ૧૯૫૪ના દિવસે તેમની તબિયત સારી રહેતી ન હોવાને કારણે આશ્રમમાંથી ચાલી નીકળ્યા.**

હાથમાં કમંડલ લઈ ભિક્ષા માંગતા નારાયણને કોઈકે જોયા હતા. કલકત્તા ખાતે રામકૃષ્ણ મઠની

એક અસ્પતાલમાં ૧૯૫૫માં પહોંચ્યા.

ત્યારબાદ ૧૯૫૬માં છાતીમાં અસહ્ય પીડા ઊઠી. તેથી કલકત્તા ગયા, ત્યાં ચિતરંજનદાસ કેંસર અસ્પતાલમાં ગયા. તેઓને ઘણા વર્ષો પહેલાં હિમાલયના જંગલોમાં ઘૂમવામાં તલ્લીન થઈ મોજ-મસ્તીમાં જઈ રહ્યા હતા ત્યારે અચાનક ૩૦-૪૦ ફૂટ નીચે ખાડામાં લપસી પડ્યા તે સમયે બે લાકડીઓ તેમની બંને જાંઘમાં ઘુસી ગઈ'તી. તેનો ઈલાજ કરવાનું કોઈ સાધન હિમાલય વિસ્તારમાં ના હોઈને સ્વામીજી મેદાની વિસ્તારમાં પણ ન ગયા અને તેની અસર છેક ફેફસાં સુધી પહોંચી. ધીરે ધીરે ત્યાં કેન્સરની શરૂઆત થઈ અને આમ સ્વામીજીની તબિયતમાં સુધારો ના થયો અને તબિયત બગડતી ચાલી.

તારીખ ૯ નવેમ્બર, ૧૯૫૬ને શુક્રવારે સવારે ૭-૨૦ કલાકે શ્રી નારાયણ સ્વામી તેમના ચાહકો, સ્વજનો, શિષ્યોને શોકાતુર અવસ્થામાં તે નશ્વર દેહ મૂકીને બ્રહ્મલીન થયા. તેમના પાર્થિવ શરીરને સ્વામીજીની ઈચ્છા મુજબ દાટવો નહિં. અગ્નિસંસ્કાર ના કરવા પરંતુ જળસમાધિ આપવી. તદ્અનુસાર ગંગાસાગરમાં તેના દેહને જળસમાધિ અપાઈ. આ રીતે નારાયણ મા ગંગામાં વિલીન થઈ ગયા.

નારાયણની મહાસમાધિના આટલા વર્ષો બાદ પણ લાગે છે કે શ્રી નારાયણ આશ્રમમાં જ છે.

નારાયણ આશ્રમ જવા માટે રેલ્વેસ્ટેશન કાઠગોદામથી ભીમતાલ, ગંગોલીહાર, ધારચૂલા, તવાઘાટ, છીરકલા બંધ, પાંગુ, સોસા થી નારાયણ આશ્રમ જવાય. ધારચૂલા રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

(સૌજન્ય : 'પૂજ્ય શ્રી નારાયણ સ્વામી અને નારાયણ આશ્રમ પુસ્તકમાંથી' સંકલિત)

## હરિઃૐ આશ્રમ, નડિયાદને પાછલા બે માસ દરમ્યાન મળેલ દાન

| | | |
|---|---|---|
| (૧) | એપ્રિલ, ૨૦૨૬ | ૩,૪૮,૪૩૯-૦૦ |
| (૨) | મે, ૨૦૨૬ | ૧૩,૪૮,૧૦૯-૦૦ |

## હરિઃૐ ગુંજનને મળેલ આર્થિક સહયોગ

| | | |
|---|---|---|
| (૧) | સ્વ. ભાસ્કરભાઈ ભટ્ટ (અમદાવાદ) હ. હેતલબેન વ્યાસ | રૂ. ૨,૧૦૦ |
| (૨) | ઈનાબેન ભરતભાઈ ચોક્સી (નડીઆદ) | રૂ. ૧,૧૧૧ |
| (૩) | સોહિલ ભગીરથ શેરદલાલ (અમદાવાદ) | રૂ. ૧,૦૦૦ |
| (૪) | ઈલોઈસ સોહિલ શેરદલાલ (અમદાવાદ) | રૂ. ૧,૦૦૦ |
| (૫) | પિંકેસ પ્રજાપતિ, નરોડા (અમદાવાદ) | રૂ. ૧,૧૦૦ |
| (૬) | કોકીલાબેન હરિવદનભાઈ પટેલ (અમદાવાદ) | રૂ. ૫૦૦ |
| (૭) | આદર્શ ગુણવંતભાઈ ઠક્કર (અમદાવાદ) | રૂ. ૧,૧૦૧ |
| (૮) | જીગ્નેશભાઈ ગુણવંતભાઈ ઠક્કર (અમદાવાદ) | રૂ. ૧,૧૦૧ |

## ૫. મૌન રૂમ અને બહેનો તથા મૌનરૂમની વિશિષ્ટ રચનાનો હેતુ – શ્રી નંદુભાઈ શાહ

સુરત અને નડિયાદ બંને સ્થળે બહેનો અને ભાઈઓ મૌનમાં બેસે છે. નડિયાદની સરખામણીમાં સુરતમાં બહેનો વધુ પ્રમાણમાં બેસે છે. કેટલીક બહેનો લાંબા ગાળાના મૌનમાં પણ બેસે છે અને સાત સાત દિવસ બેસનારી તો ઘણી બધી બહેનો છે. લગભગ બેસનારાંના ૪૦% જેટલું પ્રમાણ હવે બહેનોનું થયું છે. નડિયાદ આશ્રમ અને સુરત આશ્રમનો ભેગો વિચાર કરીએ તો બહેનોમાં વધુમાં વધુ ૧૨૦ દિવસ બેસવાનો રેકર્ડ છે. ભાઈઓમાં એવો રેકર્ડ ૩૮૮ દિવસનો છે અને તે બે ભાઈઓનો છે. એક પરદેશી કૅનેડિયન યુવાનનો અને બીજો એક પંજાબના આપણા દેશના યુવાનનો. (મૌની બાબા)

આ તો જાણે ઠીક, પરંતુ બીજી બાજુ એક યા બીજા કારણે બહાર નીકળી જનારાઓ પણ હોય છે. ૧૯૬૦ સુધીના આંકડા જોતાં બહાર નીકળનારાંઓનું પ્રમાણ ૫ ટકા હતું. હાલ (ઈ.સ. ૧૯૮૦માં) એ પ્રમાણ વધીને ૧૦થી ૧૨ ટકા થયું છે. જોકે બેસનારાંઓની સંખ્યામાં ઉછાળો આવ્યો છે. **પહેલાં મૌનમાં બેસવું એ જાણે જીવનનો વિશિષ્ટ પ્રસંગ હતો. બેસતી વખતે અને બહાર નીકળતી વખતે ઠીક ઠીક પ્રમાણમાં સ્નેહીજનો વિદાય દેવા અને સત્કારવા આવતા.** હવે એવું ખાસ રહ્યું નથી. સંખ્યા અને ગુણવત્તા વિશે જીવનમાં કોઈ પણ ક્ષેત્રમાં વ્યસ્ત પ્રમાણમાં સંબંધ રહેલો છે. **ગુણવત્તા વધે તો સંખ્યા ઘટે, સંખ્યા વધે તો ગુણવત્તા ઘટે.** એટલે સ્વાભાવિક રીતે એ બાબત મૌનમાં બેસનારાને પણ લાગુ પડે છે. લાંબા દિવસ માટે મૌનમાં બેસનારાઓમાંથી અધવચ્ચે યજ્ઞ અધૂરો મૂકીને બહાર નીકળી જનારા ખૂબ જ ઓછા છે. કોક જ, જૂજ સંખ્યામાં, બહાર નીકળનારાઓનું પ્રમાણ સાત દિવસ માટે બેસનારાઓમાં વધુ જોવા મળે છે અને આ તદ્દન સ્વાભાવિક પણ ખરું. કારણ કે આધ્યાત્મિક માર્ગે જવાની ગડમથલ કરનાર જ્યારે મૌનમાં બેસવા વિચારે છે ત્યારે શરૂઆત સાત દિવસથી જ કરે અને શરૂઆત હોવાથી અનેક પ્રકારની ગડમથલમાં ટકી ન શકાય તો બહાર નીકળી જવાનું પણ બને. એમ કરતાં કરતાં ટેવાતા જાય એ તદ્દન કુદરતી છે. આને કારણે જ સાત દિવસ માટે બેસનારાઓમાં બહાર નીકળનારાંઓનું પ્રમાણ વધુ છે.

એક ખાસ વિશિષ્ટતા એ જોવા મળી છે કે નિર્ધારિત સમય પહેલાં બહાર નીકળી જનારાંઓમાં મોટે ભાગે ભાઈઓ વધારે હોય છે ! કોક કોક બહેનો અધવચ્ચેથી બહાર નીકળ્યાં છે. સાત વર્ષની ઉંમરની એક બાલિકા સુરત આશ્રમમાં સાત દિવસ માટે બેઠેલ. ચાર દિવસ બાદ તે જરા કંટાળેલી અને થાકેલી. તેણે બહાર આવી જવાની ચિઠ્ઠી મૂકેલી, પણ તેને ઉત્સાહ આપતાં સાત દિવસ તેણે પૂરા કર્યા. નડિયાદ આશ્રમમાં એક અગિયાર વર્ષની બાળકી પણ બેઠેલી. છેલ્લે દિવસે આશ્રમમાં લગ્ન હતાં ત્યારે પૂજ્ય શ્રીમોટાએ એને બે વાગ્યે બહાર નીકળી લગ્નમાં હાજર રહેવાનું ચિઠ્ઠી લખીને સૂચવ્યું. ત્યારે તેણે લખ્યું, “હું તો મારા પપ્પા રાત્રે સાત વાગ્યે લેવા આવવાના છે ત્યારે જ નીકળીશ !” આવો તો એનો જુસ્સો રહ્યો હતો ! જ્યારે એણે બેસવાની ઈચ્છા પ્રગટ કરેલી અને આશ્રમના સંચાલકે એને ઉત્સાહ પ્રેર્યો ત્યારે એના પિતા કહે, “એને દિવસમાં પાંચ વાર તો ખાવાનું જોઈએ છે. એ કેમ રહી શકશે ? ત્યારે તરત આશ્રમના સંચાલકે જવાબ આપેલો કે પાંચ વાર અમે આપીશું છતાં તેમ કરવું ન પડ્યું અને એ બાલિકા અંદર રહી શકી.”

**અધવચ્ચેથી બહાર નીકળી જનારાંઓમાં બહેનોનું પ્રમાણ ખૂબ અલ્પ છે. એ દર્શાવે છે કે**

**બહેનમાં Tenacity-તિતિક્ષા, ધૈર્ય, સહનશક્તિ વગેરે ગુણો પ્રધાનપદે છે.** તેઓ મનને વધુ કઠણ-મજબૂત કરી શકે છે. સિત્તેર-બોત્તેર વર્ષના એક વૃદ્ધ બહેને ઘણા દિવસ સુધી એના અંદર તાવ છતાં દવા લીધા વિના એકવીસ દિવસ પૂરા કર્યા હતા.

એક બહેન સવા વર્ષની એક બાળકીને લઈને ઘોડિયું અંદર રાખીને સાત દિવસ માટે સુરત આશ્રમમાં મૌનમાં બેઠા હતાં. આ રીતે બેસવાનો આ એક અપવાદજન્ય કિસ્સો હતો. સુરત આશ્રમમાં એક પંદર વર્ષની કુમારિકા સાત દિવસ માટે મૌનમાં બેઠેલી. તે બહેન એટલા તો બુલંદ અવાજે મીઠું હરિઃ ૐનું નામસ્મરણ કરતી-જપ કરતી કે દૂર દૂર સુધી તેનો મીઠો રણકાર ગુંજી રહેતો. **બહેનોમાં સહનશક્તિની સાથે સમજશક્તિ પણ વિશેષ પ્રમાણમાં જોવા મળે છે. ભાવ પણ તેઓ વિશેષ અનુભવે છે.** મૌન ગાળા દરમ્યાન તેમનામાં ભાવની વૃદ્ધિ ઘણી જોવા મળે છે. એક બહેનને બે વર્ષથી જીર્ણ જ્વર લાગુ પડેલો તે વગર દવાએ સાત દિવસના મૌનમાં દૂર થઈ ગયો. એક ગૃહસ્થી બહેન પહેલી વાર જ સાત દિવસ માટે બેઠાં હતાં. સાત દિવસ પૂરા થતાં તેમણે સ્વતઃ સાત દિવસ લંબાવીને બીજા સાત દિવસની માંગણી કરી, જે તે વખતે અનુકૂળતા હતી એટલે વધારી આપી.

બેસનારાંઓમાંથી સૌથી નાની ઉંમર નવ વર્ષની અને મોટામાં મોટી ઉંમર પંચાસી વર્ષની છે. બેસનારાંઓમાંથી સ્થાનિક લોકો-ગામમાંથી બેસનાર-થી માંડીને ગુજરાતનાં વિવિધ સ્થાનોએથી પણ આવે છે. સૌરાષ્ટ્રમાંથી સારી એવી સંખ્યામાં આવે છે. પંજાબ, હરિયાણા, ભુવનેશ્વર, કટક વગેરે સ્થળોએથી પણ આવે છે. મુંબઈ શહેરમાંથી પણ સારી એવી સંખ્યા આવે છે. ઘણાં પરદેશી ભાઈબહેનોએ પણ ઠીક ઠીક લાભ લીધો છે. મૂળ **ગુજરાતનાં ઘણાં ભાઈબહેનો જે હાલ ઇંગ્લૅન્ડ-અમેરિકા જઈને વસેલાં છે, તે થોડા સમયની મુલાકાતે સ્વદેશ આવે છે ત્યારે તેમાંથી કેટલાંક સમય કાઢીને મૌનમાં બેસવાનું પસંદ કરે છે.** અંદર બેસનારાંઓને વિવિધ પ્રકારની અસરો થાય છે. કોઈનું વજન વધે છે તો કોઈનું ઘટે છે. મૌનગાળા દરમિયાન રાતોની રાતો નિદ્રાવિહીન વીત્યાની પણ હકીકત જાણવા મળી છે. ૧૭ થી ૧૮ કલાક સતત નામસ્મરણ મોટેથી લેવાયાની પણ હકીકત નોંધાયેલી છે. એકબે વખત બેસીને ખસી જનારાં પણ છે. એક વર્ષ - પ્રતિ વર્ષ નિયમિત બેસનારાં પણ નામ નોંધાવે છે.

**બેસનારાંઓમાં ધર્મ, જાતિ, લિંગ વગેરેનો કોઈ ભેદભાવ રખાતો નથી.** દરેક ધર્મની વ્યક્તિ બેસે છે. મુસ્લિમ ધર્મના અનુયાયીઓ પણ લાભ લે છે. એક મુસ્લિમ ભાઈ તો પોતાની સાધના માટે કયામતના દિનની તૈયારી માટે કોફિન (Coffin-શબ મૂકવાની પેટી) લઈને મૌનમાં બેસે છે અને આખી રાત એક પડખે કોફિનમાં સૂવાની ટેવ પાડે છે. **ખ્રિસ્તી ભાઈઓ તેમ જ પાદરીઓ પણ આવે છે. જૈનો તો સારી સંખ્યામાં લાભ ઊઠાવે છે. પારસી ભાઈઓ પણ આવે છે.** હિંદુ ધર્મના અનેક સંપ્રદાયના ભાઈઓ પણ આવે છે. **અંદર બેસનારાઓમાં અનેક ગુરુઓના શિષ્યો છે. પૂજ્ય શ્રીમોટાને જ ગુરુ માનવાનું અનિવાર્ય નથી. અન્ય ગુરુના ઉપાસકો મૌનમંદિરમાં જે પૂજ્ય શ્રીમોટાનો ફોટો મૂકેલો છે એને નીચે ઊતારી પોતાના ગુરુનો ફોટો મૂકી શકે છે.** જ્યાં સુધી સ્પષ્ટ રીતે માર્ગદર્શન માંગવામાં આવે નહિ ત્યાં સુધી આશ્રમ કોઈને માર્ગદર્શન આપતો નથી.

નડિયાદ અને સુરત બંને આશ્રમોમાં હાલ (૧૯૮૦ સુધીમાં) પાંચ પાંચ મૌનઓરડાની સગવડ છે. **શાંત એકાંત વાતાવરણમાં પોતાની દૈનિક જરૂરિયાતો સહેલાઈથી નિશ્ચિત અને નિશ્ચિંત રીતે મેળવી શકાય અને શાંતિથી પ્રભુભજન કરી શકે તેવા હેતુઓને લક્ષ્યમાં રાખીને આ મૌનમંદિરોની**

**સ્થાપના પૂજ્ય શ્રીમોટાએ કરેલી. એ આધુનિક સગવડ સાથેની જાણે જૂના જમાનાની ગુફાઓ છે.** બધા ઓરડા કંઈ એકસરખા વિશાળ નથી. કેટલાક એકસરખા માપના છે. નડિયાદમાં ત્રણ ઘુમ્મટ આકારના અને સુરતમાં ત્રણ ઓરડા એકસરખા વિશાળ છે. પણ બીજા થોડા નાના છે. અંદર એક વ્યક્તિને જીવવા પૂરતી હવાની આવજા થઈ શકે એવાં બાકોરાં મૂક્યાં હોય છે. તેના પર પણ કાળા પડદા નાખેલા હોય છે. ઈલેક્ટ્રિક લાઈટ બંધ હોય તો અંદર તદ્દન અંધારું હોય છે.

**આવી રચનાનો હેતુ સાધકને બાહ્ય જગતથી પોતાની તમામ ઇંદ્રિયોને ખેંચી લેવામાં મદદરૂપ થવાનો છે. વ્યક્તિના આધ્યાત્મિક વિકાસમાં અંતર્મુખ બનવું અનિવાર્ય છે. એટલે આવું વાતાવરણ ઇંદ્રિયને એનો ખોરાક મળતો બંધ કરી દે છે. એનાથી બહિર્મુખતા ઘટે છે અને અંતર્મુખતા વધે છે અને વ્યક્તિ પોતાની જાત સાથે એક બને છે.** આટલા માત્રથી મનના સંકલ્પ કે વિચારોની સાંકળ એકદમ બંધ થઈ જશે એમ કહેવાનો આશય નથી, **પરંતુ એટલું તો ચોક્કસ કે જપ, ધ્યાન, ભજન, કીર્તન, મનન, ચિંતન, આત્મનિવેદન આદિ સાધનો દ્વારા મનની એવી સ્થિતિ પ્રાપ્ત કરવામાં હવા-ઉજાસ વિનાની હાલની મૌનમંદિરની રચના ઉપકારક થઈ પડે.** સૌ પ્રથમ શરીર, ઇંદ્રિયો અને મનને પડેલી ટેવોમાંથી બહાર કાઢવાની જરૂર છે. એને માટે અહીં તકો ઊભી કરવામાં આવી છે. **ચોવીસે કલાક બહારથી આવતાં વિરોધી આંદોલનોથી આપણી જાતને મુક્ત રાખી શકીએ છીએ. એને માટે બહારથી જેટલી હવા અલ્પ અને જેટલાં તેનાં મોજાં અલ્પ પ્રમાણમાં અંદર પ્રવેશે તેટલું વધુ ઉત્તમ.**

કેટલાકને ઉનાળામાં તાપ, બફારો, ગૂંગળામણ થાય છે. અને પરસેવાના રેલા ઊતરે છે, પરંતુ આ બધું આખરે તો લાભદાયક છે., તેવી દૃઢ માન્યતા સેવીને એ વાતાવરણનો લાભ લેવો જોઈએ. **સાધક રૂમમાં આરામ કરવાં કે શરીરને સુખચેનમાં રાખવા નથી બેસતો. તપ વિના સિદ્ધિ નથી.** સાધનાની અમુક પ્રક્રિયામાં સાધક પોતાની આસપાસ કૂંડાળાં કરીને છાણાં-લાકડાંનો અગ્નિ પેટાવી ભરઉનાળામાં બેસે છે. તેની આગળ આ બંધ રૂમ તો કશી વિસાતમાં નથી. અનાજ પાકવા માટે ધરતીને ગરમી-પ્રચંડ ગરમી-ની જરૂર પડે છે તેવી જ રીતે સાધકને પણ ઊથલપાથલની પણ આવશ્યકતા રહે છે. એટલે **મૌનમાં પ્રવેશનારની ટેવોથી વિરુદ્ધના શારીરિક સંજોગો પણ આ હેતુ અર્થે જરૂરના છે. સાધના કરવી એટલે પડેલી ટેવોને પલટાવવી.**

**અંધારું એકાગ્રતાને પોષક છે. આ કારણે ઓરડામાં અંધારું રખાયું છે. જેટલું વધુ અંધારું રખાય તેટલું સાધનાના હેતુને તે પોષક છે.**

*(આશ્રમની અટારીએથી - ચોથી, આ., પૃ. ૯૧, ૯૬)*

### સંકોચ ન રાખવો

સંસાર વહેવારમાં જ્યારે આપણે વડીલ સ્થાને ન હોઈએ, પરંતુ ઘરમાં નાનેરાંને સ્થાને હોઈએ, તેવી વેળા વડીલોની આમન્યાને ગણકારવાનું ન બને તો તેવી પરિસ્થિતિમાં મુકાઈ જતાં આપણી સ્થિતિ પણ ઘણી નાજુક બની જાય છે. એક બાજુથી આપણે અમુક જાતનો મક્કમ નિશ્ચય કર્યો છે તે હકીકત સ્પષ્ટપણે જણાવી શકવાનું તો બનતું હોતું નથી અને બીજી બાજુથી પ્રેમભાવથી આપણને તે બાબતમાં જે તે બધાં આગ્રહ કરતાં હોય અને આપણે તેમના પ્રેમના આગ્રહને વશ ન થતાં હોઈએ એટલે આપણું તેવું તે લોકોને ન ગમે; અથવા **તો આપણે જે નિશ્ચય કર્યો હોય અને તે સદ્‌વસ્તુ માટેનો હોય તો તેનો હેતુ જણાવી દેવાનો પણ શેને સંકોચ હોય ? આપણે તે હકીકત નમ્રમાં નમ્ર થઈને મૂકીએ તો જરૂર આપણી વાત પણ તેમના લક્ષમાં ઊતરે ને બધી મૂંઝવણમાંથી ઊગરી જવાય.**

### આંતરિક શુદ્ધિ

કુંભકોણમ્ તા. ૧૬-૦૭-૫૨

માનવીમાં કાળે કાળે અને અવારનવાર જુદા જુદા પ્રકારના moods (માનસિક દશા) પ્રગટ્યા કરે છે. **તેથી કોઈવાર આપણને ન રૂચે એવી કોઈની માનસિક દશા આપણા પરત્વેની હોય તો તેથી હાલી ન જવું, છંછેડાઈ ન જવું ને લાગણીથી ઉશ્કેરાઈ ન જવું. તેવી વેળા તે જીવના જે ઉત્તમ પ્રકારના ગુણો છે, ને તેના જીવનનું જે ઉત્તમ પાસું છે તેને યાદ કર્યા કરવું. અથવા તો સમૂળગું નામસ્મરણમાં એકદમ લાગી જવું.** મનને તેવા કોઈના આડાતેડા વલણથી કશું સ્પર્શવા ન દેવું ને એવી જ્ઞાનપૂર્વકની તે વેળા જાગ્રતિ રાખ્યા કરવી. કોઈ **જીવ**ના મનના આડાઅવળા વલણનો આપણા મને જો સ્પર્શ થઈ જાય તો તે આભડછેટ છે અને તેની શુદ્ધિ કર્યા કરવી એ સાચું છે. **આંતરિક શુદ્ધિ થયાં કરે કે રહ્યાં કરે તે કાજે જો સાધક જીવતો રહ્યાં ન કરે તો તે બની ન શકે. તે કાજે પ્રભુની એણે હૃદયમાં પ્રાર્થના કર્યા કરવી.**

### આપણી નેકદિલી સૌને સ્પર્શે

**આપણે જે જીવનવિકાસ કાજે કરવા ધાર્યું હોય તેના પરત્વેની હૃદયની નેક દાનત ને તે અંગેની આપણી પારદર્શક પ્રમાણિકતા, નિત્યના વહેવારમાં સર્વ કોઈને જે બધાં આપણા સંબંધમાં હોય તેમને પૂરતી બરાબર જણાઈ આવવી ઘટે. આપણે જે જીવનવિકાસનું કામ કરવા માગીએ છીએ કે તેમાં મથતાં, ખૂંપતાં જઈએ છીએ કે કેમ તેનું પણ એક પ્રત્યક્ષ લક્ષણ છે કે આપણી તેવા મનની ભાવના બધાંને સ્પર્શતી હોવી ઘટે. આપણા સંબંધમાં આવેલા જીવોને લાગવું જ ઘટે કે હવે તો આ જીવ (જેણે પોતે જે કરવા ધાર્યું છે તે કર્મમાં) લાગી પડેલો છે.**

### બીજાના સદ્‌ગુણો જ જુઓ

પોતે આમ કર્યા કરતાં હોઈએ એમ છતાં માથે આવી પડતાં કામોમાં કશું ઓછું ન થવા દઈએ; તેવા કામોમાં આપણું બેપરવાપણું, અવ્યવસ્થા, બેકાળજી, કે એવું પાછું જણાયાં ન કરવું ઘટે. ને તેવું કામ કરતાં કરતાં નામસ્મરણની ભાવના અખંડિત એકધારી બસ ચાલ્યાં કરવી ઘટે. **બધાં જે સંબંધમાં હોય તેમના સદ્‌ગુણો જ નિરખ્યાં કરવાની કેળવણીનો અભ્યાસ મનને પ્રગટાવવાનું જીવતું જ્ઞાન જાગ્રતિથી રાખ્યાં કરવાનું છે તે જાણજે. બધાંમાં સુમેળભાવે વર્તવાનું છે. આપણા કાજે કોઈ શું કહે છે, શું વિચારે છે તેની કશી ગણતરી મન કરવા બેસી ન જાય તેની ખાસ કાળજી ખૂબ ખૂબ રાખવાની છે.**

*(જીવન પ્રવેશ – પ્ર. આ., પૃ. ૪૮-૪૯)*

### વિરોધી સંજોગોમાં આપણો ધર્મ

અનેક જીવો આપણા કોઈ પ્રકારના વલણને લીધે જુદા જુદા ઈલ્કાબ આપે તેમાં કશી નવાઈ નથી. **આ જીવને તો એવા ઘણા ઈલ્કાબો મળેલા છે. એવી સ્થિતિમાં તો આપણે શાંતિ, પ્રસન્નતા, તટસ્થતા, સમતા, ધીરજ આદિ ગુણો કેળવવાની તક મળેલી છે એમ સમજીએ.** બાકી કરેલા નિશ્ચયને તોડાવવા ચારે બાજુથી દબાણ પ્રવર્તે એ તો અનુભવની હકીકત છે. **સંજોગો ને પ્રસંગોને લીધે આપણા નિશ્ચયનું બળ પણ કેટલું છે, તે પણ આપણને જાણવાનું મળે છે.** ચારે બાજુના દબાણથી આપણે કેટલીકવાર અકળાઈ પણ જઈએ, એવું પણ બનવા સંભવ હોય. ત્યાં જ આપણી મર્દાનગીને પડકાર થતો હોય છે. આપણે કેટલાં જીવતાં છીએ તેની ત્યાં પરીક્ષા થતી હોય છે. માટે ચેતેલો હોય તે જ સમજે. **એવી વેળાએ ધીરજ રાખીને સમતા**

ને શાંતિ દઢતાપૂર્વક પકડી રાખવાં, ને તેવી વેળા તે સાધનને યોગ્ય ભાન સાથે પકડી રાખવાં તે તે વેળાનો આપણો ધર્મ હોય.

### પોતાનું જ સંભાળો

**એવાં તો અનેક પ્રકારનાં આવરણો છે, અનેક પ્રકારના મોહ છે, અનેક પ્રકારની લાલસાઓ છે, અનેક પ્રકારની રાગાત્મક વૃત્તિઓ પડેલી છે. તે તે બધું યે આપણે શ્રી ભગવાનની કૃપાથી ટાળવાનું છે.** જે જે પ્રસંગો મળે તે તે પ્રસંગોમાં કઈ વસ્તુનો કેમ ઉપયોગ કરવાનો છે અને શું શીખવવા કાજે તે નીપજેલા છે તેનું જ્ઞાન આપણે અંતરમાં શોધવું. તેવો અભ્યાસ પાડતાં પાડતાં તેની ખોજ આપણને જરૂર લાગશે. **જે શોધે છે તેને તે મળે છે. માટે આપણે તો આપણામાં જ રાચ્યાં કરવું. આપણે જગતના કાજી થવાનું નથી.** આપણે આપણા પોતાના યોગ્ય રીતે કાજી થઈએ તો તે ઘણું ઉત્તમ છે. **સંસારવહેવારમાં જે તે બધા જ જીવો એકબીજાને એકદમ સલાહ આપવા, સૂચનાઓ આપવા અને શિખામણ આપવા બેસી જતા હોય છે-પ્રેરાતા હોય છે એવો પ્રસંગ આપણને સાંપડે, ત્યારે આપણે શાંતિ રાખવી. તેમના તેમના કહેવાનો મર્મ સમજવો ને સુલટો અર્થ લેવો. પરંતુ આપણે પોતે તો કોઈને સલાહ, સૂચના કે શિખામણ આપવા કદી પણ બેસવું નહિ. માગે તોય ના પાડવી.**

તે કામ (સલાહ, સૂચના કે શિખામણ આપવાનું) આપણું નથી. **ગળા સુધી કહેવાનું મન થઈ આવે, તો તેને પણ રોકવું એ ઉત્તમ છે. એવું કહીને કે કરીને કોઈના પણ વહાલેશ્રી થવાનું કામ તે આપણું કામ નથી. કોઈ ને પણ તેમની તેમની રીતે વહાલું થવા જવું એ તો મૂર્ખામીનું કામ છે. એથી કરીને તો ખાડામાં પડવાનાં. જ્ઞાનપૂર્વક બીજાંને સાનુકૂળપણે વર્તવું એ વળી જુદી વાત છે. સૌ કોઈનો સાચો વહાલેશ્રી તો શ્રીભગવાન છે. આપણે તો આપણા પોતાના કર્મમાં જ મસ્ત રહેવું. બીજાંની આળપંપાળમાં પડ્યાં તો મર્યાં સમજવું. માટે ચેતતાં રહેવું.** *(જીવન પ્રવેશ – પ્ર. આ., પૃ. ૯૫-૯૭)*

### આત્મનિષ્ઠનાં લક્ષણો

એક વાત તમને અને પૂજ્ય કાકાને લખી દઉં કે હું સંતબંત નથી. હું તો કોઈ કશું નથી. કૃપા કરીને મને કશાની ગણતરીમાં ન ગણવો. હવે તેમના વિષેની ગેરસમજૂતી વિષેઃ **—જે સંત લોક હોય છે ને જેમનો મને અનુભવ છે, તે આપણા વિષે કદી ગેરસમજૂત કરતા હોતા નથી. આપણે જ એમના વિષે ગેરસમજૂત કરતા હોઈએ છીએ. જો કોઈ ગેરસમજૂત કરે એવા હોય એને 'સંત'નું લેબલ (પાછળ પૂંછડા તરીકે) ન લગાડી શકાય.** કોઈ સંતના આપણે પરિચયમાં આવ્યાં હોઈએ ને તે આપણને કહે છે, તે માત્ર આપણા જીવનનાં વલણને વળાંકોને ખ્યાલમાં રાખીને અને એને યોગ્ય રીતે મઠારાવવા તેમ તે કરતા હોય છે, કિંતુ તે વેળા તેવું તેમનું કહેવું આપણે ગળે ઊતરી શકતું નથી. **આપણે ઊભાં રહેલાં છીએ દ્વંદ્વની ભૂમિકા પર, અને એ જો સાચા સંત હોય તો તેઓમાં દ્વંદ્વ હોવા છતાં દ્વંદ્વની ભૂમિકામાં ઊભેલા નથી.** આપણામાં સમજણ, માપ ને ધોરણ એ બધાં બહુ બહુ તો નૈતિક ધોરણ પર અવલંબેલા હોય છે. **ભેદમાં અભેદ હજી આપણે અનુભવી શક્યાં નથી. જગત તો અભેદમાં ભેદ જુએ છે.** પરંતુ એ લોકને તેવું કશું હોતું નથી. પરંતુ એનો અર્થ એવો નથી કે તેવા લોકો અનૈતિક છે. પોતે જીવનની આદર્શ સ્થિતિમાં પહોંચવાને માટે જીવનની તેવી તેવી સ્થિતિઓમાંથી પસાર થઈ ગયેલા હોય છે; જેમ હોડીમાં બેસીને નદી પાર ઉતર્યા બાદ હોડીને સાથે રાખવાની જરાકે જરૂર રહેતી નથી, તેવી રીતે તેવા લોકો સાધનના ભાર ગળે વળગાડીને ફર્યા કરતા હોતા નથી.

*(જીવન પ્રવેશ – પ્ર. આ., પૃ. ૧૨૦)*

## ગયેલા આત્માને હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ

(૧) સ્વ. સોમાભાઈ ધુળાભાઈ ગુર્જર કે જેઓ પૂજ્ય શ્રીમોટાના અસીમ ભક્ત શ્રી ડૉ. બીપીનભાઈ ગુર્જરના પિતાશ્રી થાય છે તેઓ તા. ૨૨-૪-૨૦૨૬ના રોજ અમદાવાદ ખાતે દેહવિલય થયેલ છે.

(૨) પૂજ્ય શ્રીમોટાના અંતરંગ વર્તુળના સ્વ. શ્રી કાંતિલાલ કાંટાવાળા સાહેબ કે જેઓ મુંબઈ રાજ્યના મુખ્ય ઈજનેર હતા અને પૂજ્યશ્રીના સમયમાં હરિઃૐ આશ્રમમાં ખૂબજ ઉપયોગી થયેલ હતા અને સેવાભાવી સ્વજન હતા. તેમના પુત્ર સ્વ. શ્રી ઈન્દ્રવદનભાઈ કાંટાવાળાનું નિધન તા. ૭-૫-૨૦૨૬ના રોજ ૮૪ વર્ષની વયે અમદાવાદ ખાતે થયેલ છે. તેઓએ ધન્ય મૃત્યુ તરીકે પોતાની બંને આંખોનું દાન બે પ્રજ્ઞા ચક્ષુને કરેલ છે. જેનાથી બે પ્રજ્ઞાચક્ષુ દેખતા થયેલ છે. ખરેખર ધન્યવાદને પાત્ર છે.

(૩) નરોડાના સ્વજન કાર્યકર શ્રી રજનીભાઈ પટેલ મૂળ નિવાસી સાણંદના  માતુશ્રી સ્વ. સાવિતાબેન રણછોડભાઈ પટેલ, સાણંદ, અમદાવાદ ખાતે અવસાન પામેલ છે.

(૪) ફિરોજપૂર (પંજાબ)ખાતે પૂજ્ય શ્રીમોટાનું મૌન મંદિર શરૂ કરેલ. તેઓના ધર્મપત્ની સ્વ. શ્રીમતી સુરજીત ગુપ્તા તા. ૧૨-૦૫-૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે.

(૫) સ્વ. વિમળાબેન નારણભાઈ પટેલ, નરોડા દેહાવસાન તા. ૧૬-૦૫-૨૦૨૬ના રોજ નરોડા, અમદાવાદ ખાતે થયેલ છે.

(૬) કુંભકોણમ નિવાસી શ્રી દિપકભાઈ શાહ પૂજ્ય શ્રીમોટાના અંતરંગ સ્વજન થાય તેમના ધર્મપત્ની સ્વ. રેખાબેન તા. ૬-૬-૨૦૨૬ના રોજ મોટા શરણ થયેલ છે. તેઓ શ્રી દિલજીતભાઈના (ચૈન્નાઈ નિવાસી) ભાભી થાય છે.

(૭) હોસ્મા ગ્રપુના સક્રિય સ્વજન શ્રી પંકજભાઈ મિસ્ત્રીના બહેન સ્વ. તિલમતિ રજનીકાન્ત સિદ્ધપુરાનું અવસાન અમદાવાદ ખાતે ૨૫-૫-૨૦૨૬ના રોજ થયેલ છે.

(૮) પૂજ્ય શ્રીમોટાના સગાભાઈ મુળજીભાઈ આશારામ ભગતના પુત્ર સ્વ. પરાગભાઈ તા. ૭-૬-૨૦૨૬ના રોજ પૂજ્ય શ્રીમોટાના શરણે ગયેલ છે. શ્રી પરાગભાઈ શ્રેયસ હાઈસ્કૂલના શિક્ષક હતા અને આશ્રમમાં અવારનવાર આવતા અને પ્રાર્થના કરતા. ખૂબજ મિલનસાર સ્વભાવના હતા પૂજ્ય શ્રીમોટાની ઘણી વાતો પણ કરતા હતા.

(૯) પૂજ્ય શ્રીમોટાના તથા ઈન્દુકાકા શેરદલાલના અસીમ ભક્ત શ્રી નટુભાઈ અખાણીના સાળા સ્વ. શ્રી અશોકકુમાર અમૃતલાલ ઠક્કર તા. ૦૯-૦૬-૨૦૨૬ના રોજ શ્રીરામ ચરણ પામેલ છે. તેઓશ્રી મૌનમંદિરમાં બેસવા આવતા હતા. તેમજ નર્મદા કિનારે અસા મુકામે ટ્રસ્ટી હતા અને રામ મંદિરમાં અખંડ ધૂન થતી હતી.

(૧૦) શ્રી નટુભાઈ અખાણીની દીકરીના સાસુ કમળાબાનું દેહાવસાન ૧૨-૬-૨૦૨૬ રોજના થયેલ છે.

**શ્રી હરિ મોટા સર્વે ગતાત્માનું કલ્યાણ અને શાંતિ પ્રેરે તેવી પ્રાર્થના**

## ગુરુ પૂર્ણિમા ઉત્સવ ઉજવણી

હરિઃૐ આશ્રમ, નડીઆદમાં ઉજવવામાં આવશે સર્વે સ્વજનોને હાજર રહેવા નમ્ર વિનંતી

• યજમાન •

**શ્રી મનન પરેશભાઈ શાહ**
**શ્રીમતી ચાર્મી મનન શાહ**
**તથા**
**પરેશભાઈ શાહ પરિવાર**
(મેનેજરશ્રી, હરિઃૐ આશ્રમ)

**તા. ૨૯-૦૭-૨૦૨૬, બુધવાર**

| | | |
|---|---|---|
| ૮-૦૦ થી ૮-૩૦ | : | અલ્પાહાર, ચા-કોફી |
| ૮-૩૦ થી ૧૨-૦૦ | : | પ્રાર્થના, ભજન, આરતી, નામસ્મરણ અને ગુરુવંદના (ગુરુને અર્પણ) |
| ૧૨-૦૦ થી | : | મહાપ્રસાદ |
| ૧૨-૩૦ થી ૪-૦૦ | : | હરિઃૐ ધૂન (નામસ્મરણ) |
| ૪-૦૦ થી ૪-૩૦ | : | ચા-કોફી-નાસ્તો |

# ગુરુપૂર્ણિમા

વ્યાખ્યા ઘણી ગુરુતણી કરી રાખી'તી મેં,
જેના કૃપાબળ વડે પણ સૌ તૂટી તે;
જેનો પ્રભાવ કદી બંધન ન સ્વીકારે,
વંદું ગુરુચરણને કંઈ કોટિ વારે.

જેના વખાણ કરવા મુજમાં ન શક્તિ,
જેના વખાણ કરવા મુજમાં ન ભક્તિ;
બુદ્ધિ અને મન પહોંચી શકે ન જેને,
એવાં ગુરુચરણને શિર આ નમે છે.

ના છે ગુરુ શરીર; ઉરતણો સ્ફુરેલો,
એ ભાવ; પ્રાણ, બળ, શક્તિ સ્ફુરાવવા સૌ;
એ ભાવમાં સ્થૂળપણું ઉર છે ન ક્યાંય,
એ ધારણા ગુરુ થકી; કરું હું પ્રણામ.

છે ના ગુરુ શરીર સ્થૂળ ભરેલ ખોખું,
છે ભાવ એ પરમ કોઈ અગમ્ય ઊંડો;
એ ભાવથી હૃદય આશ્રયને લઈ હું,
ભાવે કરું ગુરુપદે નમવા પ્રણામો.

સ્થિતપ્રજ્ઞથી ઊંચું તે બેસણું સદ્‌ગુરુ તણું,
અનંતાનંત ગામી તે ગતિ સ્થાન વિકાસનું,
એનું ના અટકે જ્ઞાન, વિકાસશીલ આપ જે,
ગંગા પ્રવાહની પેરે વહે છે નિત્ય નિત્ય તે.

જાણવું માનવું જુદું ને અનુભવવું જુદું,
જે અનુભવવામાં તો ખરું તત્ત્વ પમાય શું,
એને અનુભવતામાં આઠે કોઠે દીવા જ છે,
એવું સદ્‌ગુરુનું તત્ત્વ ભક્તિ વડે પમાય છે.

ગુરુ શરીરનાં માત્ર, તણખો ચેતનનો જ છે,
એને શરીર જે માને, જાણ્યું ના ગુરુતત્ત્વને.
શ્રી ગુરુનું સાચું તે જ્યારે સ્વરૂપ હોય જે,
દ્વંદ્વાતીત ગુણાતીત કાલાતીત સ્થળાતીત તે.

સૌજન્ય : હરિઃૐ સત્સંગ ગ્રુપ, યુ.એસ.એ.

**(Printed Matter)**
**Bi-monthly RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**
Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL